આજનો સુવિચાર

જો રસ્તો સુંદર હોય તો લક્ષ્યની ચિંતા કરવી નહિ, અને જો લક્ષ્ય સુંદર હોય તો રસ્તાની ચિંતા કરવી નહિ!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૨૬૨ જૂનાગઢ તા.૧૭-૧૦-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 262, Junagadh : Date : 17 October, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

## ભારત - કેનેડાનાં સંબંધો બગાડવા માટે ટ્રુડો જ જવાબદાર : વિદેશ મંત્રાલય

### નિજ્જરની હત્યામાં ભારતને કોઈ નક્કર પુરાવા સોંપાયા નહી હોવાની ટ્રુડોની કબુલાત : આખરે જૂઠ પકડાયું



નવી દિલ્હી તા. ૧૭

કેનેડા સ્થિત ખાલીસ્તાની નેતા હરદીપસિંહ નિજ્જરની હત્યામાં ભારતની સંડોવણીના આક્ષેપો કરીને પોતાની જ જાળમાં ફસાઈ ગયેલા કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટૂડો સામે ભારતે હવે ડિપ્લોમેટીક આક્રમણ વધારી દીધુ છે અને સમગ્ર વિવાદ માટે ટૂડો જ જવાબદાર હોવાનું સ્પષ્ટ જણાવી અમેરિકા સહિતના દેશોને પણ સંદેશ મોકલી આપ્યા છે. ટૂડોએ ખુદે કબુલ્યુ છે કે, હજુ સુધી નિજ્જરની હત્યામાં ભારતની સંડોવણી મુદે કોઈ મજબૂત પુરાવા ભારતને સોપાયા નથી. આ અગાઉ કેનેડા અને ટૂડોએ ભારત પર બેફામ આક્ષેપો કર્યા હતા અને અમેરિકાએ પણ તે માની લીધા હતા પણ હવે ટૂડોની કબુલાત તેના માટે જ મુશ્કેલી સર્જી છે અને વિદેશ મંત્રાલયે વળતા પ્રહારમાં જણાવ્યું છે કે કેનેડા વડાપ્રધાન ખુદ સ્વીકારે છે કે કોઈ મજબૂત પુરાવા અપાયા નથી. તેથી ભારત - કેનેડાના સંબંધોમાં જે તનાવ છે અને જે નુકશાન થઈ રહ્યું છે તેના માટે ખુદ ટૂડો જ જવાબદાર છે. ભારતે આરોપ મુકયો કે ટૂડો ઘરઆંગણાની મુશ્કેલીઓથી ઘેરાયેલ છે તેથી હવે આ મુદાને રાજકીય હથિયાર બનાવીને ઉપયોગ કરવા માંગે છે. ખુદ ટૂડોએ ગઈકાલે કેનેડાની એક સંસદીય સમીત જે દેશમાં ચુંટણી સહિતના સમયે વિદેશી દરમ્યાનગીરી અંગે તપાસ કરી રહી છે તેની સમક્ષ ટૂડોએ કબુલ કર્યુ હતું કે, નિજ્જરની હત્યા મુદે સરકાર પાસે ભારતની સંડોવણીના સીધા પુરાવા ભારતને અપાયા નથી.

આમ કેનેડા સરકાર હાલમાં જ ગોળીબાર કરતી હતી તે સાબીત થયુ છે અને કેનેડા પાસે ભારતની સંડોવણી અંગે કોઈ મજબૂત પુરાવા જ નથી. ફકત ગુપ્તચર માહિતી હતી અને ભારત તેમાં મદદ કરે તેવી ઈચ્છા હતી. આ અંગે વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જાયસ્વાલે વળતા પ્રહારમાં કહ્યું છે. ખુદ કેનેડાના વડાપ્રધાને સ્વીકારીને બન્ને દેશોના સંબંધોને તેઓએ જ નુકસાન પહોંચાડયું હતું તે સ્વીકાર્યુ છે અને તેની હવે જવાબદારી ટૂડોની જ છે.

## દિલ્હીની હવા ઝેરી બની : શ્વાસ લેવાનું મુશ્કેલ માસ્ક વિના બહાર નહી નીકળવા ચેતવણી

નવી દિલ્હી, તા.૧૭

દિવાળી પહેલા દિલ્હીની હવા ઝેરીલી બની રહી છે. બુધવારે એર ક્વોલિટી ફરી એકવાર ગંભીર શ્રેણીમાં પહોંચી ગઈ છે. દિલ્હી-એનસીઆરની હવામાં સ્ટબલ મિક્સિંગના ધુમાડાને કારણે સર્વત્ર ધુમ્મસ છે. દિલ્હી અને નોઈડાના આકાશમાં ધુમાડો દેખાઈ રહ્યો છે. આ ઝેરી હવામાં શ્વાસ લેવો મુશ્કેલ બની રહ્યો છે. પ્રદૂષણના મામલે ટોપ ૧૦ શહેરોમાં ઉત્તર પ્રદેશનું મુઝફ્ફરનગર પહેલા નંબર પર છે. જ્યારે દિલ્હી ખરાબ હવાની ગુણવત્તા સાથે આ યાદીમાં ચોથા સ્થાને છે. જ્યારે ગ્રેટર નોઈડા છઠ્ઠા અને નોઈડા સાતમા ક્રમે છે. દિલ્હીનું આલીપુર અત્યાર સુધીના સૌથી પ્રદૂષિત વિસ્તાર તરીકે નોંધાયું છે. અહીં એર ક્વોલિટી ૩૮૮ નોંધવામાં આવી છે. જ્યારે દ્વારકા સેક્ટર-૮માં આજે **AQI** ૩૩૯ નોંધાયો છે. આનંદ વિહારની હવા પણ છેલ્લા ઘણાં દિવસોથી ખરાબ છે. દિલ્હીમાં એર ક્વોલિટી એટલી ખરાબ થઈ ગઈ છે કે **GRP-1** લાગુ કરવામાં આવી છે. પંજાબ અને હરિયાણામાં પરાળ સળગાવવાને કારણે દિલ્હી અને નોઈડાની હવા ઝેરી થઈ રહી છે, લોકોને માસ્ક વિના ન ફરવા ચેતવણી અપાઈ છે.

## જયશંકરની પાક. વિદેશમંત્રી સાથે ટુંકી વાતચીત થઈ સંબંધો સુધારવાની દિશામાં બંને દેશો આગળ વધશે

ઈસ્લામાબાદ તા. ૧૭

કેન્દ્રીય વિદેશમંત્રી એસ.જયશંકરની ૨૪ કલાકની ઈસ્લામાબાદ મુલાકાત છેલ્લા ૧૦ વર્ષથી ઠંડા બકસામાં ધકેલાઈ ગયેલા ભારત-પાકિસ્તાનના સંબંધોમાં નવો વળાંક લાવી શકે છે.

શાંધાઈ કોર્પોરેશન ઓર્ગેનાઈઝેશનની બેઠકમાં ઈસ્લામાબાદ ગયેલા એસ.જયશંકરે અગાઉ જ સ્પષ્ટતા કરી હતી કે તેઓ કોઈ દ્વીપક્ષી મંત્રણા માટે જતા નથી અને બન્ને દેશો વચ્ચે કોઈ સીધી વાતચીત થશે નહી. હજુ ગઈકાલે જ તેઓએ ‘વિશ્વાસ’નું વાતાવરણ જરૂરી હોવાનું દર્શાવીને એક એવો સંદેશ પણ મોકલી આપ્યો હતો કે ત્રાસવાદ અને સંવાદ બંને સાથે સાથે ચાલી શકશે નહી. પરંતુ રિપોર્ટ મુજબ બન્ને દેશો વચ્ચેના સંબંધોમાં એક ડગલું આગળ વધવા તૈયારી છે. ૯ વર્ષ બાદ ભારતના કોઈ વિદેશ મંત્રીએ પાકિસ્તાનની મુલાકાત લીધી હતી. જયશંકરે પરત આવતા સમયે એવો સંકેત આપ્યો હતો કે જયાં સુધી ભારત-પાક સંબંધોની બાબત છે તો પાક તરફથી હકારાત્મક કે નકારાત્મક જે કંઈ સંકેત આવશે. તો તેનો તે જ રીતે જવાબ અપાશે. જયશંકરે તેમની મહેમાનગતી બદલ પાકના વિદેશમંત્રીનો પણ આભાર માન્યો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ બન્ને દેશોના વિદેશમંત્રીઓ વચ્ચે કોઈ સીધી વાતચીત થઈ નથી પરંતુ વિદેશમંત્રી એસ.જયશંકર અને પાક વિદેશમંત્રી ઈશાક દાર વચ્ચે પથી૭ મીનીટની ચર્ચા થઈ હતી. આ આયોજન માટે પહોંચેલા વિદેશી મહેમાનો માટે પાક વડાપ્રધાન શાહબાઝ શરીફે ડીનર યોજયું હતું. તે સમયે બન્ને વિદેશમંત્રીઓએ થોડી મીનીટ અલગથી વાતચીત કરી અને તેમાં પાક ક્રિકેટ બોર્ડના મોહસીન નકવી પણ જોડાયા હતા.સૂત્રોના જણાવ્યા મુજબ પાક તરફથી બન્ને દેશો વચ્ચે ક્રિકેટના સંબંધો ફરી શરૂ થાય તે માટે આગ્રહ રાખવામાં આવ્યો હતો. ખાસ કરીને ચેમ્પીયન ટ્રોફી રમવા ભારતની ટીમ પાકિસ્તાન આવે તે માટે પાકે ખાસ આગ્રહ રાખ્યો હતો. પાક માટે ચેમ્પીયન ટ્રોફીની યજમાની ભારતની ટીમ આ દેશનો પ્રવાસ ન કરે તો સ્પર્ધાનો ચાર્મ રહે નહી તે નિશ્ચિત છે.

## હરીયાણાનાં મુખ્યમંત્રી પદે નાયબસિંહ સૈનીની આજે બપોરે શપથવિધિ : વડાપ્રધાન ઉપસ્થિત રહેશે

પંચકુલા તા.૧૭

હરિયાણામાં નાયબ સૈની આજે બીજી વખત મુખ્યમંત્રી પદના શપથ લેશે. શપથ ગ્રહણ સમારોહ પંચકુલાના દશેરા ગ્રાઉન્ડમાં ૧.૧૫ વાગ્યે યોજાશે. જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. સૈની સાથે ૧૮ રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ હાજર રહેશે. જેમાં અરુણાચલ પ્રદેશ, આંધ્રપ્રદેશ, આસામ, બિહાર, છત્તીસગઢ, ગોવા, ગુજરાત, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, મણિપુર, મેઘાલય, નાગાલેન્ડ, ઓડિશા, પુડુચેરી (યુટી), રાજસ્થાન, સિક્કિમ, ત્રિપુરા, ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડના મુખ્યમંત્રી સામેલ થશે.

## સુપ્રિમ કોર્ટનાં નવા ચીફ જસ્ટીસ પદે સંજીવ ખન્નાનાં નામની ભલામણ

નવી દિલ્હી,તા.૧૭

સુપ્રિમ કોર્ટના નવા ચીફ જસ્ટીસ માટે સંજીત ખન્નાનાં નામની ભલામણ કરવામાં આવી છે.વર્તમાન ચીફ જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડ આગામી ૧૦ નવેમ્બરે નિવૃત થઈ રહ્યા છે અને પોતાનાં અનુગામી તરીકે સીનીયર જસ્ટીસ સંજીવ ખન્નાનાં નામની ભલામણ કરી છે.

ચીફ જસ્ટીસ ચંદ્રચુડ દ્વારા સૌથી સીનીયર ન્યાયમુર્તિ સંજીવ ખન્નાને નવા ચીફ જસ્ટીસ બનાવવાની ભલામણ કરતો પત્ર સરકારને પાઠવવામાં આવ્યો છે.પ્રવર્તમાન પ્રક્રિયા અંતર્ગત સરકારે જ ચીફ જસ્ટીસને તેમના અનુગામીનું નામ સુચવવા કહેવામાં આવ્યું હતું. નવા ચીફ જસ્ટીસ તરીકે સંજીવ ખન્નાની પસંદગી થવાના સંજોગોમાં તેઓ ૬ મહિના કાર્યભાર સંભાળશે ૧૧ નવેમ્બરે પદગ્રહણ કરી શકે છે અને આવતા વર્ષની ૧૩ મે સુધી પદ પર રહી શકે છે. તેઓ દિલ્હી હાઈકોર્ટના ચીફ જસ્ટીસ તરીકે રહી ચુકયા છે.

## ભારતમાં પ્રતિવર્ષ રૂા. ૯૨ હજાર કરોડનું અનાજ વેડફાય છે

નવી દિલ્હી, તા.૧૭:

દર વર્ષે વિશ્વ ખાદ્ય દિવસ ૧૬ ઓક્ટોબરે ઉજવવામાં આવે છે. ગઈકાલે ઉજવાયો હતો. દેશમાં દર વર્ષે હજારો કરોડ રૂપિયાનું અનાજ વેડફાય છે. સંયુકત રાષ્ટ્રના એક રિપોર્ટ અનુસાર, વર્ષ ૨૦૨૨માં દર વર્ષે પ્રતિ વ્યકતિ ૫૫ કિલો ખોરાકનો બગાડ થશે. આ ૨૦૨૧ મુજબ પ્રતિ વર્ષ વ્યકિત દીઠ ૫ કિલો વધુ છે. રિપોર્ટ દર્શાવે છે કે વર્ષ ૨૦૨૨માં ભારતીયોએ ૯૨ હજાર કરોડ રૂપિયાના ખોરાકનો બગાડ કર્યો હતો. આટલા પૈસામાં ૯૨૦ વંદે ભારત ટ્રેન તૈયાર થઈ શકી હોત. એક વંદે ભારત ટ્રેનની કિંમત લગભગ ૧૦૦ કરોડ રૂપિયા છે.

આ વર્ષે માર્ચમાં જાહેર કરાયેલ યુનાઈટેડ નેશન્સ ફૂડ વેસ્ટ ઈન્ડેક્સ રિપોર્ટ-૨૦૨૧ જણાવે છે કે ભારતમાં મોટાભાગના ખોરાકનો બગાડ ઘરોમાં થાય છે. આ પછી ફૂડ સર્વિસ અને પછી રિટેલ આવે છે. ખાદ્ય અહેવાલો દર્શાવે છે કે પાકિસ્તાનમાં ખોરાકનો બગાડ ભારત કરતાં વધુ છે. પાકિસ્તાન દર વર્ષે વ્યકતિ દીઠ ૭૪ કિલો ખોરાકનો બગાડ કરે છે. જો દુનિયાની વાત કરીએ તો દર વર્ષે વિશ્વમાં ૧૭ટકા ખોરાક એટલે કે ૯૩૧ મિલિયન મેટ્રિક ટનનો બગાડ થાય છે.

## દેશની બરબાદીનો સામાન દરીયાઈ માર્ગે ગુજરાત પહોંચતો હતો : ડ્રગ્સનાં આંતરરાષ્ટ્રીય નેટવર્કમાં નવા ખુલાસા

નવી દિલ્હી, તા.૧૭: દિલ્હી અને ગુજરાતમાંથી ૧૩ હજાર કરોડ રૂપિયાના ડ્રગ્સ ઝડપાયાના મામલામાં નવા ઘટસ્ફોટ થઈ રહ્યા છે. આરોપીઓની પૂછપરછ દરમિયાન, સ્પેશિયલ સેલને જાણવા મળ્યું કે દાણચોરોનું નેટવર્ક દિલ્હી, પંજાબ, કાશ્મીર, ઉત્તર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને આંધ્ર પ્રદેશમાં ફેલાયેલું છે ભારતની બરબાદી નો સમાન સૌથી પહેલા ગુજરાત પહોંચતો હતો. આ નેટવર્કમાં આંતરરાષ્ટ્રીય તેમજ સ્થાનિક દાણચોરોનો સમાવેશ થાય છે. યુકેના દાણચોર સતવિન્દર, દુબઈના કિંગપિન વીરેન્દ્ર બસોયા ઉર્ફે વીરુની સૂચના પર, તેને દરિયાઈ માર્ગે ગુજરાત સુધી પહોંચતો હતો, જ્યાં કાચા માલને ફાર્માસ્યુટિકલ કંપનીમાં રિફાઈન કરીને દિલ્હી મોકલવામાં આવતો હતો, જેનો ટ્રાન્ઝિટ પોઈન્ટ તરીકે ઉપયોગ થતો હતો. આ પછી તેને અન્ય રાજ્યોમાં દાણચોરીથી સપ્લાય કરવામાં આવ્યો હતો.

પૂછપરછ દરમિયાન, આરોપીઓએ એવો પણ ખુલાસો કર્યો છે કે અત્યાર સુધીમાં મળી આવેલ લગભગ ૧,૩૦૦ કિલો કોકેઈનનું કન્સાઈનમેન્ટ દક્ષિણ અમેરિકન દેશોના દાણચોરો દ્વારા ગુજરાતની ડ્રગ્સ કંપનીને પહોંચાડવામાં આવ્યું હતું.

## ઈરાની બોર્ડર ગાર્ડનાં ગોળીબારમાં ૨૫૦ અફઘાન નાગરીકોનાં મોત

તેહરાન, તા.૧૭: અફઘાનિસ્તાન બોર્ડર પર ઈરાનના બોર્ડર ગાર્ડ દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ૨૫૦ અફઘાન નાગરિકોના મોત થયા છે. ઈરાન હ્યુમન રાઈટ્સ ઓર્ગેનાઈઝેશન એ આ દાવો કર્યો છે. સંગઠન અનુસાર, આ લોકો અફઘાન શરણાર્થીઓ હતા, જેઓ ઈરાનની સરહદમાં પ્રવેશવાનો પ્રયાસ કરી રહ્યા હતા. ઈરાની દળોએ સરહદ પર આ લોકો પર ગોળીબાર કર્યો હતો.

## ગુજરાત સહિત અનેક રાજ્યોનાં રાજ્યપાલ બદલાશે

નવી દિલ્હી, તા.૧૭: કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં ઉત્તર પ્રદેશ, જમ્મુપ્રકાશ્મીર, મધ્યપ્રદેશ સહિત ઘણા રાજ્યોના રાજ્યપાલ બદલી શકે છે. જો કે હજુ સુધી આ સંભવિત ફેરબદલ અંગે સત્તાવાર રીતે એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ફેરફારો ચાલુ ઓક્ટોબર અથવા નવેમ્બરના અંતમાં થઈ શકે છે. આ સમયગાળા દરમિયાન, એવા નામો પર વિચાર કરી શકાય છે જેમણે ૩ થી ૫ વર્ષની સેવા આપી છે.

ન્યૂ ઈન્ડિયન એક્સપ્રેસના અહેવાલ મુજબ, ફેરબદલની ચર્ચા એટલા માટે પણ મહત્વપૂર્ણ છે કારણ કે ઘણા રાજ્યપાલ અને લેફ્ટનન્ટ ગવર્નર ૩-૫ વર્ષથી સેવા આપી રહ્યા છે. તેમાં ખાસ કરીને ઉત્તર પ્રદેશ, કેરળ, જમ્મુ અને કાશ્મીર, આંદામાન અને નિકોબાર ટાપુઓ, દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવનો સમાવેશ થાય છે. રાજ્ય સરકારે તાજેતરમાં જમ્મુ અને કાશ્મીરમાં કમાન સંભાળી છે.

વરૂણ દર્દ નિવારક તેલ
કષ્ટહર તેલમ્
● કમરનો દુ:ખાવો ● સાંધાનો દુ:ખાવો
● ગરદનનો દુ:ખાવો
● માસ પેશીઓનાં દુ:ખાવામાં અસરકારક
વ્યાપારીક પુછપરછ આવકાર્ય છે
દિનેશ એજન્સીઝ
આઝાદ ચોક, જૂનાગઢ
સંપર્ક : ૯૯૨૫૫ ૧૧૯૯૭


ઉધઈ થી બચો
આપના મકાનમાં ઉધઈ માટે પ્રેસ્ટ કન્ટ્રોલ પધ્ધતિથી ઈન્જેકશનો દ્વારા કામ કરી આપીશું : ૧૦ વર્ષની ગેરંટી
સંજયભાઈ
મો.૯૯૭૮૭ ૧૦૧૫૦

શું તમે ઘણી દવા કરવા છતાં રીઝર્ટ મળતું નથી ?
ઓપરેશન કરાવતા પહેલા
આયુર્વેદીક દવાથી સચોટ ઈલાજ
૨૦ વર્ષનાં અનુભવી
કાનમાં આવતા રસી, બહેરાશ તથા તમામ બિમારીની સલાહ માટે મળો
(પચીસ રોગોની કાયાકલ્પ દવા)
હ.બીપી, લો. બીપી, આધાશીશી, અશકિત, ઉનમાદ, અનિંદ્રા, નપુંસકતા, ચક્કર, હીસ્ટોરીયા, એસીડીટી વગેરે માટે
(વૈદ હિતેશભાઈ રમણીકભાઈ મકવાણા)
મો. ૯૮૨૪૨ ૧૦૧૫૭ - જૂનાગઢ
(મું. વડાલ વાળા)


સોપારીનું કટીંગ રીટેઈલમાં મળશે
અમારી સ્પેશ્યલ જુની મોરો સોપારીનું કટીંગ ફકત ૨૫૦ ગ્રામ લઈ અને ખાત્રી કરો તમે જ કહેશો કે વાહ ભઈ વાહ
મોરો સોપારી કટીંગ
૧ કિલોના ફકત રૂા.૬૦૦
પ્યોર આખી મોરો જૂની સોપારી ૧ કિલોનાં રૂા. ૫૯૦ ફકત / આ રીટેઈલ માટે છે
નહી આવો તો જરૂર અફસોસ
ગુલાબાવાડી પાસે, ખોજાવાડ ચોક નજીક
સૌરાષ્ટ્ર ભુમિ દૈનિક (બ્યુરો ઓફીસ)
જૂનાગઢ
મો.૯૩૭૬૬૦ ૫૫૬૨

ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં શિક્ષણ
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી તદ્દન નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ ચિપ્સ વાળા એન્ડ્રોઈડ, I-Phone ટેબ્લેટ રીપેરીંગ શીખો.
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
⇨ ફ્રીઝ, એ.સી., વોશીંગ મશીન વગેરે તમામ વસ્તુનાં રીપેરીંગ કોર્ષ ૧૦૦% ગેરંટી સાથે શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પ્લેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com


તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...




"Chiropratic"
ગરદન સંબંધિત માથાનો દુ:ખાવો ઘટાડવામાં મદદ કરે છે. તમારી મુદ્રામાં સુધારો કરે છે. પીડા ઘટાડે છે અને તમારી કરોડરજ્જુ અને અન્ય સાંધાઓની ગતિની શ્રેણીમાં સુધારો કરે છે. અસ્થિવા જેવી ક્રોનિક સ્થિતિના લક્ષણો ઘટાડે છે. ગરદન અથવા કરોડરજ્જુની નાની ઇજાઓ, ખાસ કરીને વ્હીપ્લેશની સારવાર કરે છે.



"Tera- Herts"
ટેરાહર્ટ્ઝ આવર્તન સામાન્ય શારીરિક કોષોની સમાન આવર્તન પર વાઈબ્રેટ કરે છે, તેથી તે તમારી રોગ પ્રતિકારક શકિતને વેગ આપે છે, કોષોમાં ચયાપચયની પ્રવૃતિમાં વધારો કરે છે, સેલ્યુલર ઓકિસજનેશનમાં વધારો કરે છે તેમજ રકત પ્રવાહમાં વધારા કરે છે.



"Kashya Therapy"
શરીરની ગરમી ઘટાડે છે. આંખોમાં થતી બળતરા મટાડે છે. રકત પરિભ્રમણ સુધારે છે.



"Accupressure"
ચોકકસ ચેતાને ઉત્તેજીત કરવાથી પીડાની સંવેદના ઘટાડવામાં મદદ મળી શકે છે. સંશોધકો એ પણ જોયુ કે એકયુપ્રેશર સ્ટ્રેસ હોર્મોન કોર્ટિસોલનું સ્તર ઘટાડે છે. તે એન્ડોર્ફિન્સનું સ્તર પણ વધારે છે. જે રસાયણોનું સ્તર પણ વધારે છે. જે રસાયણો છે. જે મુડને વેગ આપે છે. અને પીડાની લાગણી ઘટાડે છે. છેલ્લે, એકયુપ્રેશર રકત પરિભ્રમણને સુધારી શકે છે.

KHUSHI WELNESS Ayurvedic-Herbal
Chiropratic & Bone Setting
યુસુફજય આજીલ જહુરખાન (M.D.CH.T.) (અપોઈન્ટમેન્ટ લેવી ફરજીયાત)
સ્નાયુના દુ:ખાવા તથા સાંધાના દુ:ખાવા કમર, ઘુંટણ, ખંભા, ગરદન, સાયટીકા, ગાદી ખસી જવી
મો. ૯૮૨૪૨ ૦૦૫૩૩, ૭૫૭૫૮ ૯૧૦૬૮
ચિતાખાના ચોક, ક્રિસ્ટલ કોમ્પલેક્ષ, દુકાન નં. ૩૦૪, ત્રીજો માળ, જુનાગઢ.

Since 1983
શંખ બ્રાન્ડ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
● મરચું
● હળદર
● ધાણાજીરૂ
● ગરમ મસાલો



CMYK CMYK CMYK

ભારતની પવિત્ર ભૂમિ પર આજે રાત્રે ઉતારનારા સ્વર્ગ વચ્ચે

# આજની શરદ પૂનમની રઢીયાળી રાત્રીએ રાસ ગરબા રમીને થનારી ઉજવણી કેટલી આધ્યાત્મિક



## શરદ પૂનમ પાછળ એક વિશાળ આધ્યત્મિકતા અને વૈજ્ઞાનિક વિચાર ધારા મનાય છે

આસો માસના "માં " ના પવિત્ર નવ દિવસો પૂરી આસ્થા અને ભકિત ભાવ સાથે રંગે ચંગે ઉજવ્યા નો થન ગનાટ સમે તે પહેલાં જ..... તુરંત જ પ્રકુતિ ને નિઃસ્વાર્થ ભાવે એક અનોખો પ્રેમ વ્યક્ત કરી ને પ્રભૂ ..એવં ભગવાન સાથે સિધ્ધુ મિલન સાધવા માટેનો એક બીજો આધ્યાત્મિક અને અલૌકિક અવસર એવં ઉત્સવ આવે છે ...તે.... એટલે આજની રાત્રીનો શરદોત્સવ એવં શરદ પૂનમ...

શરદ પૂનમ ની રાત્રીનું આધ્યાત્મિક અને ખગોળીય શાસ્ત્રો અને વેજ્ઞાનિક દ્રષ્ટી એ ધરતી પરની માનવ સહિત ની તમામ જીવ સૃષ્ટિ પશુ પંખી પ્રાણી અને વનસ્પતિ એવં ભગવાને રચેલી પ્રક્રુતિ એવં નેચર સાથે સિધ્ધુ મિલન અને તેને લયને સર્જાતું એક અહાલકદક પ્રાકુતિક વાતવરણ સર્જાય છે તે માનવના મન બુધ્ધિ પર તો ઠીક સમગ્ર જીવ સુષ્ટિ પર એક અનોખી સકારાત્મક ધારા વહેવા લાગે છે ..માનવ ના દિલ દિમાગમાં પડેલો નિજાનંદ... આપોઆપ ખીલીને બહાર આવતાની સાથે પ્રકુતિ પણ સોળે શણગાર સજીને પ્રુથ્વી પરના વાતાવરણ ને એક આકર્ષક બનાવી ને તેમની તરફ ખેંચે છે

એવં શરદ પૂનમ ની રાત્રીએ પુર્ણ રૂપે ખીલેલો ચદ્રંગ પોતાની તમામ શીતલ ચાંદની પ્રથવી પર રેલાવી દે છે.

એટલે જ કદાચ સુષ્ટિ ના નિયંતા ભગવાન શ્રીકૃષ્ણ એ શરદ પૂનમ ની રાત્રીએ .... પોતાની બંસરીના સૂર રેલાવ્યા હશે ?

તે બંસરીના મધુર સૂરે ...પોતાના શયન ખંડમાં મધુર રાત્રી ની મીઠી નીદર માણતી ગોકુલની ગોપીઓ ....બંસરી ..- કાન ઘેલી બની ને ઘર બહાર નીકળી પડી ..તેના દિલ દિમાગમાં પ્રભૂની બંસરીના સુરેશ તો ઘેલી બનાવી જ હતી ...સિંહો સાથે એક વખત શિવજી ને પણ સમાધિમાંથી વિચલિત કરે તેવી શરદ પૂનમની રાત્રીમાં રેલાતી શીતલ ચાંદની એ તમામ પ્રકારનુ દેહ ભાન ..સુરતા ખોય ને ...

કોઈ ગોપી નાચવા લાગી કોઈ ગોપી અહીં તહીં દોડવા લાગી તો કોઈ રાસે રમવા લાગી.....હર ગોપીને એવી અલૌકિક અનુભુતી થવા લાગી કે પોતાની સાથે ..કાનુડો રાસ રમી રહેલ છે .. ( તે આપણા કાલ્પનીક રાસ લીલા ચિત્ર જેવો ન હતો..) દરેક ગોપીઓને પોત પોતાની કલ્પના મુજબ ના કાન સાથેનું મિલનની અલૌકીક અનુભૂતી થતી હતી.

મતલબ કે શરદ પૂનમ ની રાત્રી એ ભગવાન અને જીવ એવં માનવ ના આત્માનું મિલન એટલે શરદોત્સવ એવં ભગવાન કુષ્ણ ની રાસ લીલા એ એક અલગ જ્ઞાન .. ભકિત અને કર્મ નો અલાયદો મોટો આધ્યાત્મિક વિષય છે જે શબ્દશઃ પ્રસ્તુત કરવો જરા કઠીન છે.

આપણા રૂપી મૂનીઓએ ભારતિય સનાતન વૈદીક સંસ્કુતિ માં આપેલા તહેવારો ઉત્સવો પાછળ આધ્યાત્મિક ઉપરાંત એક મોટી વૈજ્ઞાનીક કારણ છે.

પરંતુ આજના ભૌતિક વાદી માનવ આપણી વૈદિક સંસ્કૃતિ અને સંસ્કાર અને સનાતન હિન્દુ ધર્મ નો ચિલો ચાતરી ને સનાતન વૈદિક સંસ્કૃતિ ના નાના મોટા ધાર્મિક તહેવારો ઉત્સવો માં એક યા બીજા પ્રકારે .. મનોરંજન નું રમકડું બનાવી, પશ્ચિમિ સંસ્કુતિ ને ઘુસાડી ને ઉત્સવો પછી તે .. ગોકુળ આઠમ હોય કે પછી ગણેશોત્સવ હોય કે નોરતા..ઉજવાતા હોવાનો અનુભવ આધ્યાત્મિક જગતને થતો રહ્યો છે...

અને તેવો જ અનુભવ આજે શરદ પુનમની રાત્રીએ થાય તો નવાઈ નહીં..

ટુંકમાં આજની શરદ પૂનમ ની રઢીયાળી રાત્રી એટલે...સાક્ષાત ભગવાન સાથે માનવના આત્માનું મિલન ..

શરદ પૂનમની રાત્રીએ આકાશમાં સોળે કળાએ ખિલેલા ચંદ્ર ની ચાંદની ના કારણે પ્રુથ્વી પર ના માનવના દિલ દિમાગમાં જેમ એક પ્રકારની અલોકીક અસર સર્જાય છે તેમ ભૌગોલિક અસર એવં અલાદક વાતાવરણ સર્જાય છે જે સમગ્ર સુષ્ટિ ને પોતાના તરફ ખેંચે છે ..જેમ કે ગોપીનું ખેંચાણ .

આ ને આપણે પ્રકુતી પણ કહીએ છીએ. પરંતુ તનો અનુભવ અહેસાસ વૈભવી બંગલાઓમાં કે પછી સિમેંટ કોક્રીટના ઉભા કરેલા જંગલો માં ન થાય

પણ જે જગાએ કાયમી કુદરતના બેસણા છે અને તેના ખોળામાં રમતાં ખળ ખળ વહેતી નદી...તળાવ સમુદ્ર..જંગલ ડુંગરા સહીતની વિશાળ ખુલ્લી વેરાન જગ્યામાં શરદ પૂનમ નો ચંદ્ર સોળે કળાએ ખીલીને પોતાની શીતળ ચાંદની ચોમેર પાથરી દે છે .તે જોવા જાણવા અને આધ્યાત્મિક અનુભૂતી માણવા ની રાત્રી એટલે શરદ પૂનમ..

વૈદિક ભારતિય હિન્દુ ધર્મ શાસ્ત્રો માં શરદ પૂનમ નું અનેરું આધ્યાત્મિક મહત્વ સમજાયું છે?

ચોમાસાના ચાર માસ દરમિયાન થયેલા સારા વરસાદ થી પ્રુથ્વી એવં ધરતી માતા કોઈ. નવા અંદાજ મા લીલી ચાદર ઓઢીને ધરતી પર જાણે સ્વર્ગ ઉતાર્યુ હોય તેવુ મન મોહક સ્મિત પ્રસરાવી દે છે અને દરેક જીવ તેના તરફ આકર્ષાય છે ...

અને તેમાંય. શરદ પૂનમની રઢીયાળી રાત્રીની ચાંદનીની ચારે બિજુ પ્રસરેલી શીતલતા તો જાણે ધરતી પર ભગવાને સ્વર્ગ ઉતાર્યુ હોય તેવુ અહલાદક નૈસર્ગિક વાતાવરણ હર જીવ પોતાના સુખ દુઃખ બે ઘડી ભૂલી ને પોતાની અંદર રહેલા નિજાનંદ પ્રકાશિત કરી કુદરતમાં એકાગ્રતા સાધી લે છે

એવં સ્વયં પોતાનું દેહ ભાન ભુલીને કે પોતે શરીર છે તે વિસ્તરી જય ને પોતે માત્ર આત્મા સ્વરૂપ છે તેવી અનૂભૂતિ સાથે ભગવાન માં તો પ્રોત બની જાય છે

જેહોય તે પણ આપણી વૈદિક સનાતન હિન્દુ ધર્મ સંસ્કુતિ આખા વિશ્વ ને આધ્યાત્મિક માર્ગદર્શક આપવા શ્રેષઠ છે

આવી મહાન સંસ્કુતિ ને ...કહેવાતા ધર્મ ના ઠેકો લય ને ફરનારા ચાહે ગમે તે નામે કે સ્વરૂપ થી આધ્યાત્મિક જગતમાં ઓળખાતા હોય ..

આવા બની બૈઠેલા પ પૂ ધ ધુ ઓ ની દોટ નજર એક માત્ર પદ પૈસો અને પ્રતિષ્ઠા અને પોતાની લીટી મોટી કરવા પાછળ હોવાથી ..અનેક પ્રકારની વિકુતિ ઓનું સર્જન થતું જોવા મળે છે

આધ્યાત્મિક જગતમાં જો એક નોંધવા જેવુ હોય તો ...દેશભરમાં વિવિધ હિન્દુ ધર્મ સંપ્રદાય માં શરદ પૂનમ ની જો સાચા અર્થ માં પુરી ધાર્મિક તા આસ્થા અને ભક્તિની બેઠક પરથી ઉજવાતી હોય તો તે છે ..

બિહાર ના પન્ના ધામ માં વૈદિક વિચારધારા પર સ્થાપિત ઓમ એવા. "" કુષ્ણ પ્રણામી. "" એવં નિજાનંદ એવં ખીજડા નંદીના અતિ પવિત્ર ધામ એવા પન્ના જી ધામમાં પ્રતિ વર્ષ ઉજવાય છે..

જુનાગઢ માં કોલેજ રોડ પર આવેલા કુષ્ણ પ્રણામિ મંદિર ખાતે આજે રાત્રે શરદ પૂનમનો ઉત્સવ સુંદર સાથ દ્વારા ઉજવવામાં આવશે

અત્રે યાદ આપવી ઘટે કે દેશ આને વિદેશોમાં આ ધર્મ સંપ્રદાયના ત્રણ કરોડથી પણ વધુ અનુયાયીઓ છે જે સુંદર સાથ થી ઓળખાય છે અને પરસપ મળતા પ્રણામ કરી ને પરસ્પર ના હદ્દ્ગયમા બિરાજતાં રાજ શ્યામા ના દર્શન કરે છે

કુષણ પ્રણામિ હિન્દ ધર્મ સંપ્રદાય ની સ્થાપના પાછળ નો એક રસપ્રદ આધ્યાત્મિકતા છે જે હવે પછી ક્યારેક.......

**(આધાત્મિક જગતમાં ડોકયું)**

**-સિનિયર પત્રકાર**

**ગોરધન પાઘડાર**

# ખેડૂતોમિત્રો માટે લાભકારી જાણકારી : ‘એગ્રીસ્ટેક’ યોજના અંતર્ગત ‘ફાર્મર રજીસ્ટ્રી’ અભિગમ સાથે ખેડૂતોને મળશે ડીજીટલ ઓળખ

**આધારકાર્ડ સાથે જમીનના સર્વે નંબરથી જમીન લીંક કરવાની રહેશે, સરકાર તરફથી ૧૧ ડીજીટનો યુનિક આઈડી નંબર અપાશે : જમીન, પાક, બજારભાવ, ધિરાણ, યોજનાકીય માહિતી સરળતાથી જાણી શકાશે : પીએમ કિસાનના લાભાર્થીઓને તા.૨૫-૧૧-૨૦૨૪ સુધીમાં અને તે સિવાય અન્ય ખેડૂતોએ તા.૩૧-૩-૨૦૨૫ સુધીમાં આધાર કાર્ડ સાથે જરૂરી જમીન લીંક કરવાની રહેશે**

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૭

કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રી દ્વારા ‘એગ્રીસ્ટેક’ યોજના અંતર્ગત ‘ફાર્મર રજીસ્ટ્રી’ અભિગમ દ્વારા આધારકાર્ડ સાથે તમારી જમીનના સર્વે નંબરથી જમીન લીંક કરવામાં આવશે અને સરકારશ્રી તરફથી ૧૧ ડીજીટનો યુનિક આઈડી નંબર આપવામાં આવશે, જે ખેડૂત તરીકે ડિજિટલ ઓળખ હશે. આ નંબર દ્વારા જમીનની વિગતો, પાકની વિગતો વગેરે ચકાસી શકાશે. તેમજ બજારભાવો પણ જાણી શકાશે. કિસાન ક્રેડીટ કાર્ડ અંતર્ગત ધિરાણમાં પણ સરળતા રહેશે. ખેતીવાડી/બાગાયતી/પશુપાલન યોજનાઓની માહિતી પણ સરળતાથી મેળવી શકાશે અને ફોર્મ ભરવામાં સરળતા રહેશે. ANY ROR માં સુધારાની માહિતી અપડેટ થશે વગેરે જેવા કામોમાં ઉપયોગી થશે. આ રજીસ્ટ્રી દ્વારા રાજ્ય સરકારની યોજનાઓ ભારત સરકારની યોજનાઓ સાથે લિંક હશે. જેમ કે, પીએમ કિસાન યોજના, આઈ ખેડુત, કિસાન ક્રેડીટ કાર્ડ વગેરે. આ યોજના દ્વારા સરકારને યોજનાઓનું આયોજન અને લાભાર્થીઓને ચકાસણી કરવામાં સરળતા રહેશે. કૃષિ પેદાશોની વેચાણ અને વ્યવસ્થા વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ, યોજનાઓની સલાહ સુચન અને જાણકારી મેળવવા વગેરેમાં ઉપયોગી થશે. ફાર્મર રજીસ્ટ્રી વન ટાઈમ લાઈફ ટાઈમ એટલે જીવનમાં એક જ વખત કરવાનું રહેશે. તે વારંવાર કરવાનું રહેશે નહીં. નોંધણી વખતે ખેડૂતનાં આધારકાર્ડ, આધાર કાર્ડ સાથે લિક મોબાઈલ નંબર અને ૭-૧૨ અને ૮અ નાં રેકર્ડની ચકાસણી કરી નોંધણી કરવાની રહેશે. પીએમ કિસાનના લાભાર્થીઓને તા.૨૫-૧૧-૨૦૨૪ સુધીમાં અને એ સિવાય અન્ય ખેડૂતોએ તા.૩૧-૩-૨૦૨૫ સુધીમાં ફાર્મર રજીસ્ટ્રી અંતર્ગત આધાર કાર્ડ સાથે જરૂરી જમીન લીંક કરવાની રહેશે. જે ગામની જમીન હોય તેઓએ તે ગામના વીસી પાસે જરૂરી વિગતો સાથે અથવા જો ખેડૂત જાતે પણ https://gifr.agristack.gov.in પોર્ટલ ઉપર નોંધણી કરી શકે છે તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી, સુરેન્દ્રનગરની યાદીમાં જણાવાયું છે.

# શરદ પૂનમ નિમિત્તે શ્રી કષ્ટભંનજનદેવને સફેદ ગુલાબના ૨૦૦ કિલો ફુલોનો દિવ્ય શણગાર તથા શ્રી કષ્ટભંજનદેવ દાદાનું દિવ્ય ષોડશોપચાર પૂજન આયોજન



સાળંગપુર તા.૧૭

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રીકષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજીની પ્રેરણા અને કોઠારીશ્રી વિવેકસાગર સ્વામિના માર્ગદર્શનથી પૂનમ નિમિત્તે તારીખ ૧૭-૧૦-૨૦૨૪ને ગુરૂવારના રોજ શ્રીકષ્ટભંજનદેવને સફેદ ગુલાબના ફુલોનો દિવ્ય શણગાર કરવામાં આવ્યો હતો. સવારે ૦૫:૩૦ કલાકે મંગળા આરતી પૂજારી સ્વામી તથા શણગાર આરતી પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજી-અથાણાવાળા દ્વારા કરવામાં આવી હતી. પૂનમ નિમિત્તે સાંજે ૦૫:૩૦ કલાકે શ્રી કષ્ટભંજનદેવ દાદાનું દિવ્ય ષોડશોપચાર પૂજનનું આયોજન કરવામાં આવ્યું હતું. દાદાને દિવ્ય શણગાર સાથોસાથ ફળ, પુષ્પ, ડ્રાયફ્રુટ વિગેરે ધરવવામાં આવેલ, પુષ્પવર્ષા કરવામાં આવેલ, દાદાની દિવ્ય સંધ્યા આરતી ૬:૩૦ કલાકે પ.પૂ શાસ્ત્રી સ્વામી શ્રી હરિપ્રકાશદાસજીદ્વારા કરવામાં આવી હતી. હજારો ભક્તોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ દિવ્ય દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો. આજે કરાયેલા શણગાર વિશે પૂજારી સ્વામીએ જણાવ્યું કે, પૂનમ નિમિત્તે આજે દાદાનેસિલ્કના વાઘા તથા સફેદ હંસની થીમવાળા સફેદ ગુલાબના ફુલનો શણગાર કરાયો છે. દાદાના સિંહાસને ૨૦૦ કિલો શણગાર કરાયો છે. આ સફેદ વાઘા અમરેલીથી મંગાવ્યા છે. ૬ સંતો, પાર્ષદ અને ભક્તોદ્વારા આ શણગાર કરતાં ચાર કલાક લાગ્યા હતાં.

# જૂનાગઢ : ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ જતા યુવાનનું મૃત્યુ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ શહેરના નિકીતા એપાર્ટમેન્ટમાં રહેતા યુવાને કોઈ કારણોસર ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ જતા સારવાર દરમ્યાન મોત નિપજયાનું બી ડીવીઝન પોલીસ મથકે નોંધાયું છે.

આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર બી ડીવીઝન પોલીસ મથકે જેન્તીભાઈ મુળજી કડીયાએ જાહેર કરેલ કે પોતાના મૃતક પુત્ર પતીન મુળજી કડીયા(ઉ.વ.૩૩)વાળાએ કોઈ કારણોસર ઘઉંમાં નાંખવાના ટીકડા ખાઈ જતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

# ગરવા ગિરનારના ૨૦૦૦ પગથિયા પાસે સીડી તૂટી જતા ભાવિકોને પડતી મુશ્કેલી : તત્કાલ કાર્યવાહી કરવાની માંગ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનાર ખાતે બિરાજતા અંબાજી માતાજીના દર્શને હજારો ભાવિકો આવતા હોય તેમજ રોપવેની સવલત મળ્યા બાદ ભાવિકોમાં વધારો થઈ રહ્યો છે. તો બીજી તરફ જે લોકોએ માતાજીની માનતા માની હોય અને પગપાળા દર્શન કરવા માટે માનતા રાખી હોય તેવા હજારો ભાવિકો પણ પગપાળા માતાજીના દર્શને આવી રહ્યા છે. દરમ્યાન મળતા અહેવાલ અનુસાર ગિરનાર ઉપર માતાજીના મંદિર તરફના જવાના રસ્તા ઉપર ૨૦૦૦ પગથિયા નજીક સીડીનો કેટલો ભાગ તૂટેલો જોવા મળે છે અને આ તૂટેલી સીડીના કારણે અહીં આવનાર ભાવિકોને ભારે મુશ્કેલી પડી રહી છે ત્યારે સંબંધિત તંત્ર દ્વારા આ બાબતે તત્કાલ કાર્યવાહી કરવાની માંગણી ઉઠવા પામી છે.

# બેટ દ્વારકાધીશ મંદિરે શરદપૂર્ણિમા નિમિત્તે શ્રીજીને વિશિષ્ટ શ્વેત વાઘાનો શૃંગાર



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયાતા.૧૭

બુધવારે રાત્રિના સમયથી શરદ પૂર્ણિમાની તિથિ બેસી જતી હોય, બેટના દ્વારકાધીશ મંદિરમાં પણ બુધવારે શરદ પૂર્ણિમા મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. બેટ દ્વારકામાં દ્વારકાધીશ મંદિરે ઠાકોરજીને પરંપરા અનુસાર શ્વેત વાઘાના દેદિપ્યમાન શૃંગાર મનોરથ યોજવામાં આવ્યા હતા. જેના દર્શન મનોરથનો ઉપસ્થિત હજારો ભાવિકોએ લાભ લીધો હતો. પૂજારી પરિવારના સ્ત્રોતમાંથી મળતી માહિતી અનુસાર બેટ દ્વારકાધીશ મંદિરમાં વ્રતની પૂનમની ઉજવણી આવતીકાલે કરવામાં આવનાર છે.

# જૂનાગઢ : દોલતપરામાં આવેલ ધુનેશ્વર મંદિરમાં છત્તર સહિતની ચીજવસ્તુઓની થયેલ ચોરીનો ભેદ ઉકેલાયો : આરોપીની ધરપકડ





(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ શહેરમાં દોલતપરા વિસ્તારમાં રામદેપરા રોડ આવેલ મંદિરમાંથી અજાણ્યા પુરૂષ અને સ્ત્રીએ ૨ છતર સહિત ૩ હજારની મતાની ચોરી કરી ગયાની ફરીયાદ એ ડીવીઝન પોલીસ મથકે નોંધવામાં આવી હતી. આ ચોરીનો ભેદ ગણતરીના કલાકોમાં જ પોલીસે ઉકેલી મુદામાલ સાથે એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર એ ડીવીઝન પોલીસ મથકે સુનીલભાઈ જગદીશભાઈ મકવાણાએ સીસીટીવીમાં દેખાતા અજાણ્યા પુરૂષ અને મહિલા વિરૂધ્ધ એવા મતલબાની ફરીયાદ નોંધાવી છે કે, આરોપી મહિલા અને પુરૂષે ધુનેશ્વર મહાદેવ મંદીરમાં રહેલ ૨ ચાંદીના છત્તર, આરતી કરવાનું દિવેલ્યુ, ચાંદીનું ત્રીપુડ, ત્રાંબાની લોટી, ત્રાંબાનો ત્રાસ અને ડંકો વગાડવાની ઝાલર મળી આશરે કુલ ૩ હજારની મતાની ચોરી કરી ગયાની ફરીયાદ નોંધાવવામાં આવી હતી. દરમ્યાન જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની સુચના તેમજ માર્ગદર્શન તેમજ હિતેષ ધાધલીયાની સુચના અંતર્ગત એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પીઆઈ બી.બી. કોળી અને સ્ટાફે ગુના નિવારણ વિભાગને તાત્કાલીક કાર્યવાહી કરવા સુચના આપતા ગુના નિવારણ સ્કવોડના પીએસઆઈ જે.આર. વાજા અને સ્ટાફ પેટ્રોલિંગમાં હતા દરમ્યાન વિશ્વાસ પ્રોજેકટ અંતર્ગત ઈન્સ્ટોલ કરલે સીસીટીવી કેમેરાનો ઉપયોગ કરી તપાસ કરતા આ ચોરીના ગુનામાં સંડોવાયેલા આરોપી કુલદિપભાઈ ભૂપતભાઈ સોલંકી જાતે દેવીપૂજક મુળ ઉમરાળી ગામ અને હાલ કડીયાવાડ વાળાને ઝડપી લેવામાં આવેલ છે અને તેની પાસેથી રૂા.૩ હજારની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢ, વિસાવદર, મેંદરડા અને માળિયા પંથકમાં વરસાદ પડ્યો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ સહિત સોરઠ પથકમાં ગઈકાલે બપોર બાદ વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને વાદળછાયું વાતાવરણ સર્જાયું હતું. બપોરના બે વાગ્યાથી માવઠામય માહોલ થયો હતો અને બે થી છ વાગ્યે દરમ્યાન જૂનાગઢ જિલ્લાના વિવિધ તાલુકામાં વરસાદ પડ્યાના અહેવાલો છે. આજે સવારે પૂરા થતા ૨૪ કલાક દરમ્યાન વિવિધ તાલુકાના પડેલા વરસાદની માહિતી જોઈએ તો જૂનાગઢ શહેરમાં ગઈકાલે ૨૯ મીમી એટલે કે સવા ઈંચ વરસાદ પડ્યો છે. જ્યારે વિસાવદરમાં પણ પોણો ઈંચ વરસાદ અને મેંદરડામાં બે ઈંચ વરસાદ પડ્યો હતો ત્યારે માળિયામાં દોઢ ઈંચ વરસાદ પડ્યો હતો. ગઈકાલે બપોર બાદ વાતાવરણમાં પલ્ટો આવ્યા બાદ ભારે વરસાદ તૂટી પડ્યો હતો. જૂનાગઢ શહેરમાં રસ્તા ઉપર વરસાદના પાણી ફરી વળ્યા હતા. એક તકે તો ભાદરવામાં ચોમાસું મંડાયું હોય તેવી સ્થિતિ થઈ હતી. દરમ્યાન મેંદરડા પંથકમાં બે ઈંચ વરસાદને પગલે મધુવંતી નદીમાં ભારે ઘોડાપૂર આવ્યું હતું. આજે પણ જૂનાગઢ જિલ્લામાં સવારથી જ વાદળછાયું વાતાવરણ રહ્યું છે.

# ભાણવડમાં ખેતર, વાડીમાં પાથરેલી ફિશીંગ નેટમાં ફસાયેલા સાપોને રેસ્કયુઅર દ્વારા નવજીવન





(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયાતા.૧૭

ભાણવડ પંથકમાં છેલ્લા આશરે દોઢ દાયકાથી સરીસૃપ બચાવ કાર્ય સાથે સંકળાયેલા રેસ્ક્યુઅરો દ્વારા તાલુકાના ગામોમાં જ્યારે સાપ, અજગર, મગર જેવા સરીસૃપ જોવા મળે, ત્યારે સ્થળ ઉપરથી વિનામૂલ્યે બચાવ કાર્ય કરી અને પ્રાકૃતિક આવાસમાં મુક્ત કરવાની અબોલ જીવ બચાવની સેવા પ્રવૃત્તિ કરવામાં આવી રહી છે.ત્યારે છેલ્લા ત્રણેક માસમાં ૪૧ જેટલા સાપ જે ખેતર કે વાડીમાં પાથરેલી ફિશીંગ નેટમાં ફસાયા હોવાથી એનિમલ લવર્સ ગ્રુપના અશોકભાઈ ભટ્ટ અને અન્ય સભ્યો દ્વારા આ સાપોને સફળતાપૂર્વક ફિશીંગ નેટમાંથી બહાર કાઢીને પ્રાથમિક સારવાર આપી, પ્રાકૃતિક આવાસમાં મુક્ત કરી નવજીવન અપાયું હતું.

આ સાથે આ પ્રકારની ફિશીંગ નેટના બદલે અન્ય વિકલ્પો અપનાવવા ખેડૂતોને અપીલ પણ કરાઈ હતી, જેથી આવા જીવોને તેઓના જીવ ગુમાવવાનો વારો ન આવે.

# મેંદરડાના દાત્રાણા ગામે મહિલા સહિત ૩નો યુવાન પર હુમલો : ફરીયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧૭

મેંદરડા તાલુકાના દાત્રાણા ગામે મુરઘી વેચવાની ના પાડતા યુવાન પર મહિલા સહિત ૩એ હુમલો કરી મારમારી જાનથી મારી નાંખવાની ધમકી આપ્યાની ફરીયાદ મેંદરડા પોલીસ મથકે નોંધાઈ છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર મેંદરડા પોલીસ મથકે ચિરાગભાઈ ઉર્ફે આકાશ કિશોરભાઈ સોલંકીએ મયુર પરબતભાઈ મકવાણા, ભાનુબેન પરબતભાઈ મકવાણા અને ભરત પરબતભાઈ મકવાણા વિરૂધ્ધ એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, ફરીયાદીએ મુરઘી વેચવાની ના પાડતા આરોપીઓએ ફરીયાદી સાથે ગાળો બોલી તે મુરઘી વેચે છે તેમાં તને શું વાંધો છે ? તેમ કહી આરોપી ભાનુબેન પકડી રાખી તથા આરોપી મયુર અને ભરતે પ્લાસ્ટીકના પાઈપ વડે પગમાં તથા માથામાં મારી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# યદુનંદન આહીર સંદેશના તંત્રી માલદેબાપાનું દુઃખદ અવસાન

મુળ નાની ઘંસારી અને હાલ કેશોદ નિવાસી યદુનંદન આહીર સંદેશ સામાયિકના સ્થાપક અને તંત્રી તેમજ સમાજ સેવામાં જેમણે પોતાનું જીવન ખર્ચ્યુ છે એવા કેશોદ આહોર સમાજ વિકાસના પાયાના પથ્થર રૂપ આહીર સમાજના ભિસ્મ પિતામહ સમાન સ્વ. માલદેભાઈ રામભાઈ નંદાણીયાનું દુ;ખદ અવસાન થયું છે જે આપણા સમાજ માટે ખુબ દુઃખદ છે પરંતુ ઈશ્વરના નિર્ણયને સ્વીકારવો જ રહ્યો... એમના આત્માને પરમ કૃપાળુ પરમાત્મા શાંતિ અર્પે એજ પ્રાર્થના

### પ્રવાસનનાં હબ ગણી શકાય તેવા

# જૂનાગઢ જીલ્લાનાં મુખ્યમાર્ગોનાં મજબુતીકરણ કાર્યનું જાત નિરીક્ષણ કરતા કલેકટર અનિલકુમાર રાણાવસિયા

**દિપોત્સવી પર્વોમાં યાત્રીકો-પ્રવાસીઓને અગવડતા ના રહે તેની તકેદારી દાખવવા સંબંધકર્તા અધિકારીઓને સુચિતકર્યા**





**મેંદરડાથી જૂનાગઢને જોડતા માર્ગ માટે સંપાદન થનાર જમીનોની રૂબરૂ સ્થળ તપાસણી કરી સબંધિત વિભાગના અધિકારીશ્રીઓને જરૂરી સૂચન**

જૂનાગઢ, તા.૧૭

જુનાગઢ જિલ્લામાં ચોમાસાનાં ભારે વરસાદથી જિલ્લાના તમામ તાલુકામાં ગ્રામ્ય વિસ્તારને શહેર સાથે જોડતા વિવિધ માર્ગને સુગમ બનાવવા માટે રાજ્ય માર્ગ અને મકાન વિભાગ દ્વારા સરાહનીય કામગીરી કરવામાં આવી રહી છે.

અત્રે ઉલ્લેખનિય છે કે આગામી દિપોત્સવી પર્વોમાં જૂનાગઢ-ગીર સોમાનાથ જિલ્લાનાં તિર્થ સ્થળો અને પ્રવાસન સ્થળોની મુલકાતે દેશ-દેશાવરથી યાત્રીકો જૂનાગઢનાં માર્ગો પરથી જ્યારે પસાર થવાના હોય ત્યારે પ્રવાસન ક્ષેત્ર સાથે સંકળાયેલ જૂનાગઢ સાસણ રસ્તા રીપેરીંગની કામગીરી શરૂ કરવામાં આવી રહી છે, આજે માર્ગ નવિનીકરણ-મજબુતિકરણની કામગીરી જિલ્લા કલેકટરશ્રી અનિલ કુમાર રાણાવસિયા અને ટીમ દ્વારા રૂબરૂ નિરક્ષણ કરવામાં આવ્યું હતું. તેમજ કામગીરી અંગે સંબંધિત અધિકારીઓને યોગ્ય સમયે કામગીરી પૂર્ણ થાય અને પ્રવાસીઓને સુગમતા રહે તે માટે સૂચના આપવામાં આવી હતી.

સાથે-સાથે જૂનાગઢ-ઈવનગર- મેંદરડા બાયપાસ રસ્તા માટે સંપાદન થનાર જમીનોની રૂબરૂ સ્થળ તપાસણી કરી સબંધિત વિભાગના અધિકારીશ્રીઓ પાસેથી તલસ્પર્શી માહિતી મેળવી આગળની ઘટતી કાર્યવાહી તાકીદે પુર્ણ થાય તે દિશામાં જરૂરી સૂચન કર્યા. બાયપાસ શરૂ થવાને કારણે સાસણ જવા માટે રાજકોટ તરફથી આવતા પ્રવાસીઓ વધુ સરળતાથી સાસણ જઈ શકશે.

અત્રે ઉલ્લેખનિય છે કે નરેન્દ્ર મોદીના સફળ સુશાસનના ૨૩વર્ષ પૂર્ણ થવા અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજયવ્યાપી 'વિકાસ સપ્તાહ' અંર્તગત મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે રાજયમાં રસ્તાઓના બાંધકામમાં પ્લાસ્ટિક વેસ્ટનો ઉપયોગ કરી ટકાઉ માર્ગોના નિર્માણ સાથે પર્યાવરણ સુધારણા અંગે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. તેમણે આ માટે ૧૩ રસ્તાની કુલ ૧૦૪.૯૬ કિ.મી. લંબાઈની માર્ગ સુધારણા માટે રૂ. ૧૧૨.૫૦ કરોડ ફાળવ્યા છે. ભારે ટ્રાફિક ધરાવતા તેમજ ચોમાસા દરમિયાન ઓવરટોપીંગ થતા હોય તેવા કુલ ૨૦ રસ્તાના ૯૩.૩૩ કિ.મી. લંબાઈના માર્ગો સી.સી. રોડના બનાવવા ૩૦૦.૫૭ કરોડ મંજૂર કર્યા છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાતને અગ્રેસર બનાવવાના હેતુથી માર્ગ સુધારણા માટેના કામોમાં પ્લાસ્ટિક વેસ્ટના ઉપયોગને પ્રોત્સાહન આપ્યું છે. પ્લાસ્ટિક વેસ્ટનો માર્ગ સુધારણા અને નવ નિર્માણમાં ઉપયોગ આવનારા દિવસોમાં પર્યાવરણ સુધારણાની દિશામાં મહત્વપૂર્ણ બનશે. માર્ગોની મજબૂતી વધારવા સાથે રોડની લાઈફ સાયકલમાં પણ વૃદ્ધિ થશે.

### અખિલ ગુજરાત ગીરનાર આરોહણ - અવરોહણ સ્પર્ધા – ૨૦૨૪-૨૫

# ગીરનાર આરોહણ અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવા સ્પર્ધકોએ તા. ૪ નવેમ્બર સુધીમાં અરજી કરવી

જૂનાગઢ,તા.૧૭

ગુજરાત રાજયના રમત-ગમત યુવા અને સાંસ્કૃસત્તિક પ્રવૃત્તિઓ વિભાગ ગાંધીનગર દ્વારા જૂનાગઢ જિલ્લાસ વહીવટી તંત્રના ઉપક્રમે આગામી જાન્યુઆરી- ૨૦૨૫ ના પ્રથમ અઠવાડીયા દરમ્યાન જૂનાગઢ માં ગુજરાત રાજયના યુવક અને યુવતિઓ માટેની અખિલ ગુજરાત ગીરનાર આરોહણ - અવરોહણ સ્પનર્ધા યોજાશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માટેના નિયત પ્રવેશપત્રો દરેક જિલ્લાની જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી થી રૂબરૂમાં મળશે. તેમજ વધુમાં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી બ્લોક નં.૧, પ્રથમ માળ બહુમાળી ભવન સરદાર બાગ જૂનાગઢ ખાતેથી પણ વિના મૂલ્યે મળી શકશે. તેમજ Facebook Id – Dydo Junagadh પરથી ઓનલાઈન મળી શકશે. દરેક સ્પણર્ધકોએ નિયત પ્રવેશપત્રો માંગ્યાઓ મુજબની પૂરી વિગતો સાથે જિલ્લામ યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, જૂનાગઢ ખાતે કચેરીના ચાલુ દિવસ દરમ્યાન તા.૪/૧૧/૨૦૨૪ સુધીમાં પહોંચતા કરવાના રહેશે. અગાઉ ફોર્મ ભરેલ સ્પર્ધકોએ ફરી વાર ભરવાના રહેશે નહીં. સમય મર્યાદા બહાર મળેલા ફોર્મ અને અધુરી વિગતો વાળા ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. સ્પર્ધાની નિયત તારીખ તથા પસંદગી થયેલ યાદી ફેસબુક આઈડી પર મુકવામાં આવશે. વધુ વિગતો માટે કચેરીના ફોન નં.(૦૨૮૫)૨૬૩૦૪૯૦ નો સંપર્ક કરવો.

# જૂનાગઢ જીલ્લાનાં ૧૮ થી ૪૦ વર્ષના રોજગારવાંચ્છુઓ માટે તા.૧૯ ઓકટોમ્બરના રોજગાર ભરતી મેળો યોજાશે

જૂનાગઢ, તા. ૧૭

જૂનાગઢ જિલ્લાનાં રોજગારવાંચ્છુઓને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ આયુષ હોસ્પીટલ એકમમાં ભરતી હેતુ ખાલી પડેલ નર્સીંગ સ્ટાફ ની જગ્યાઓ માટે ૧૮ થી ૪૦ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ ANM / GNM કે B.Sc.(Nursing)ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગારવાંચ્છુઓ માટે ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, 'બી' વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન, જૂનાગઢ ખાતે તા.૧૯/૧૦/૨૦૨૪ના રોજ સવારે ૧૦:૩૦કલાકે કરવામાં આવેલ છે. પ્રસ્તુત ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગારવાંચ્છુઓએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતી મેળા સ્થળ પર ઉપસ્થિત થવાનું રહેશે. ભરતીમેળામાં રોજગારવાંચ્છુઓ અનુબંધમ પોર્ટલ https://anubandham.gujarat. gov.in ના માધ્યમથી પણ ભાગ લઈ શકે છે.

વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમ્યાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ પણ સંપર્ક કરી શકો છો.

# સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા રાજકોટ ખાતે એસ.વી.યુ.એમ. ૨૦૨૫ આંતર રાષ્ટ્રીય વેપાર મેળો યોજાશે

**૧૧ થી ૧૩ માર્ચ ૨૦૨૫ દરમ્યાન યોજાશે વેપાર મેળો, આફ્રિકા અને સાઉથ ઇસ્ટ એશિયાના ૩૦ જેટલા દેશોમાંથી ૨૦૦ કરતા વધુ ડેલિગેટ્સ આવવાની સંભાવના, ૧૪ અને ૧૫ માર્ચ વિદેશી ડેલિગેટ્સ કરશે ફેક્ટરી વિઝિટ**

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ, તા.૧૭

સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ દ્વારા આગામી તારીખ ૧૧ થી ૧૩ માર્ચ ૨૦૨૫ દરમ્યાન એન.એસ.આઈ.સી ગ્રાઉન્ડ, ૮૦ ફૂટ નો રોડ, અમુલ સર્કલ ખાતે એસ.વી.યુ.એમ. ૨૦૨૫ આંતરરાષ્ટ્રીય વેપાર મેળાનું ભવ્ય આયોજન સતત ૧૧ મી વખત થવા જઈ રહ્યું છે. આ વેપાર મેળામાં સ્થાનિક અને રાજ્ય, રાષ્ટ્રીય કક્ષા એથી લગભગ ૨૦ થી ૨૫ હજાર મુલાકાતીઓ મુલાકાત લેશે. ૩૦ કરતા વધુ દેશો માંથી ૨૦૦ કરતા વધુ વિદેશી ગ્રાહકો પણ ભાગ લ્યે તેવી સંભાવના છે.

પ્રદર્શનમાં પ્રવેશ વિના મુલ્યે રહેશે પરંતુ પ્રવેશ માટે બિઝનેસ કાર્ડ સાથે હોવું જરૂરી રહેશે. પ્રદર્શન નો સમય સવારે ૧૦ થી સાંજે ૬ વાગ્યા સુધીનો રહેશે. એસ.વી.યુ.એમ. ૨૦૨૫ આંતરરાષ્ટ્રીય વેપાર મેળો એક માત્ર સફળ અને પરિણામ દાયક છે જેમાં આજ સુધીમાં ૬૦ જેટલા દેશોમાંથી ૧૨૦૦ કરતા વધુ વિદેશી ગ્રાહકો આવી ચુક્યા છે અને હજારો કરોડનો નિકાસ વેપાર પણ થયો છે. એસ.વી.યુ.એમ ૨૦૨૫ આંતરરાષ્ટ્રીય વેપાર મેળામાં વિદેશના દેશો જેમકે ઘાના , સુદાન, બુર્કિનાફાસો, ટોગો, તાન્ઝાનિયા, ઝામ્બિયા, ઝિમ્બાબ્વે, યુગાન્ડા, કેન્યા, સેનેગલ, કોંગો, ગેબોન, બાંગ્લાદેશ, ભૂટાન, નેપાળ, શ્રીલંકા, સહીત ના ૩૦ કરતા વધુ દેશો માંથી ૨૦૦ કરતા વધુ ડેલિગેટ્સ / બિઝનેસમેન મુલાકાત લેશે. તેઓ ૫ દિવસ રાજકોટ રોકાશે અને વિવિધ ફેક્ટરીઓની મુલાકાત પણ લેશે.

પ્રદર્શન અંગેની માહિતી મળતા જ ૨૮ દેશોમાંથી ૧૦૭ વિદેશી ડેલિગેટ્સ દ્વારા રજીસ્ટ્રેશન કરાવવા માં આવ્યું છે અને ૧૫ કંપનીઓએ પોતાના સ્ટોલ બુક કરાવી લીધેલ છે. તમામ માહિતી પ્રદર્શન ની વેબસાઈટ www.svumshow.com ઉપર રોજેરોજ અપડેટ કરવામાં આવી રહેલ છે.





આ પ્રદર્શનમાં સ્થાનિક ૧૬૦ થી વધુ કંપનીઓ ભાગ લઈ શકે અને વિદેશી કંપનીઓ સાથે પોતાના બિઝનેસ ગોઠવી શકે તે પ્રકારનું આયોજન કરવામાં આવેલ છે. સંસ્થા દ્વારા નિકાસ વેપાર વૃદ્ધિના લાભ નાનામાં નાના ઉદ્યોગોને મળે તે માટે સતત પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. ખુબજ ઓછા અથવા નજીવા ખર્ચે આંતરરાષ્ટ્રીય વેપાર વૃદ્ધિ ની તક એક માત્ર એસ.વી.યુ.એમ ૨૦૨૫ આંતરરાષ્ટ્રીય વેપાર મેળા દ્વારા મળી રહી છે .

સૌરાષ્ટ્ર કચ્છના ઉત્પાદકોને વિદેશ વ્યાપાર વિકસાવવાની ઘર આંગણે તક આ એક માત્ર વેપાર મેળા દ્વારા મળે છે, અનેક દેશોના બિઝનેસમેન ઘર આંગણે આવે, પ્રદર્શનની મુલાકાત લ્યે, મિટિંગો કરે અને ફેક્ટરી વિઝીટ પણ કરે એટલે ગ્રાહક તરીકે તેની અંદર સંપૂર્ણ વિશ્વાસ ઉભો થાય છે. બીજી તરફ વિચારીયે તો જો આપણા ઉદ્યોગો માર્કેટિંગ માટે જાય તો એક એક ઉદ્યોગને ૩૦ કે ૪૦ દેશોની મુલાકાત માટે આખું વર્ષ નીકળી જાય અને ખર્ચ પણ એકાદ કરોડ રૂપિયા કરતા વધી જાય તે દ્રષ્ટિ એ પણ એસ.વી.યુ.એમ. ૨૦૨૫ આંતરરાષ્ટ્રીય વેપાર મેળો એક મહત્વ પૂર્ણ અને લાભદાયી પુરવાર થયેલ છે. આ વર્ષે એસ.વી.યુ.એમ ૨૦૨૫ આંતરરાષ્ટ્રીય વેપાર મેળા માં ભાગ લેનાર એકમોને ગુજરાત સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ એમડીએ સબસીડી ની સ્કીમ મુજબ લગભગ નજીવા મુલ્યે કહી શકાય તે રીતે સ્ટોલ આપવામાં આવશે. એકમોને ફક્ત સબસીડી મંજુર થાય ત્યાં સુધી સ્ટોલની રકમનું રોકાણ કરવાનું રહેશે. દેશી મેળો અને વિદેશી વેપાર, સૌરાષ્ટ્ર કચ્છ માં હટાણું કરવા આવશે વિદેશી ગ્રાહકો નો સિદ્ધાંત ૧૦૦ ટકા યથાર્થ સાબિત થઈ રહ્યો છે. સૌરાષ્ટ્ર વેપાર ઉદ્યોગ મહામંડળ ની સમગ્ર ટિમ સૌરાષ્ટ્ર કચ્છ ના ઉત્પાદકો, અને નિકાસકારોને આ એસ.વી.યુ.એમ ૨૦૨૫ આંતરરાષ્ટ્રીય વેપાર મેળા માં ભાગ લેવા અને મુલાકાત લેવા ભાવભર્યું જાહેર આમંત્રણ આપે છે. શોને સફળ બનાવવા સંસ્થાના પ્રમુખ પરાગ તેજૂરા, ઉપ પ્રમુખો મહેશ નગદીયા તથા પ્રભુદશભાઈ તન્ના , મંત્રી ભુપતભાઈ છાટબાર, ટ્રસ્ટી પદુભાઈ રાયચુરા, રાજુભાઈ સંઘવી તથા સુરેશ તન્ના જહેમત ઉઠાવી રહ્યા છે.

સંસ્થા દ્વારા પ્રતિષ્ઠિત વ્યાપારીઓ અને ઉદ્યોગકારોની કમિટીની રચના કરવામાં આવી જેમાં ચેરમેન તરીકે વિશાલ ગોહેલ તથા સભ્યો તરીકે કેતન વેકરીયા, મૌક્તિક ત્રિવેદી, મયુર ખોખર, દીવેન પડિયા, નિશ્ચલ સંઘવી, જીગ્નેશ સોઢા, અંકુર સૂચક, દિનેશભાઈ વસાણી, હેમાંગ સોલંકી, અંકુર દવે, ખુશી હરસોરા, જયેશ દવેની નિમણૂંક કરવામાં આવેલ છે જેઓ વેપાર મેળાની સફળતા માટે જહેમત ઉઠાવી રહ્યા છે.

## ઉના- ગીરગઢડા નેશનલ હાઈવે રોડ ઉપર અચાનક વાહન સામે ઘોડાઓ આવી જતા વધતા અકસ્માતના બનાવો રોકવા માંગણી

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૭

ઉના શહેરમાં ઉના-ગીરગઢડા નેશનલ હાઈવે રોડ ઉપર સુગર ફેકટરીની સામે છેલ્લા ઘણા મહિનાઓથી માલિકીના ઘોડાઓને માલિકો દ્વારા છુટા મૂકી દેતા તે ઘણી વાર રોડ ઉપર આવી જાય છે અને બાઈક અને સ્કૂટર વાહન ચાલકો સાથે ભટકાઈ જતા ગંભીર અકસ્માતોના બનાવો બને છે અને ઈજાઓ થવાના બનાવો વધ્યા છે. આ અંગે વહીવટી તંત્ર અને કાયદોને વ્યસ્થા જાળવતા તંત્રને ઘણી વખત રજૂઆત કરવામાં આવી છે પરંતુ વહીવટી તંત્રએ ઘોડાના માલિકો સામે કોઈ પગલા લીધા નથી તો શું ? તંત્ર અકસ્માતમાં કોઈની માનવ જીંદગી જાય પછી પગલા લેશે ? તેવું વાહન ચાલકોમાં ચર્ચાઓ થઈ રહી છે. તો તુરંત પગલા લઈ ઘોડાઓને રોડ ઉપર છુટા ફરતા બંધ કરાવે તેવી લોક માંગણી ઉઠી છે.

# ભાણવડમાં કમોસમી વરસાદના મુદ્દે મગફળીની અંતિમયાત્રા કાઢી "આપ" દ્વારા આવેદન અપાયું




(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૭

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાજેતરમાં વરસી ગયેલા કમોસમી વરસાદના કારણે ભાણવડ તાલુકાના ખેડુતોના તૈયાર પાકને વ્યાપક નુકસાની થતા આ અંગે ખેડૂતોને તાત્કાલીક વળતર ચુકવવા બાબત "આપ" દ્વારા મામલતદારને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું.

ભાણવડ તથા આસપાસના વિસ્તારોમાં તાજેતરમાં વરસેલા કમોસમી વરસાદને કારણે ભાણવડ તાલુકાના ખેડુતોના તૈયાર પાક નષ્ટ થઈ ગયા છે. જેથી ખેડુતોની ચાર મહિનાની મહેનત જાણે વરસાદમાં ધોવાઈ ગઈ હોય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. આ મુદ્દે આમ આદમી પાર્ટી દ્વારા ભાણવડ તાલુકાના ખેડુતોને તાત્કાલીક ધોરણે સહાય ચુકવવામાં આવે તેમજ ઓગષ્ટ મહિનામાં અતિવૃષ્ટિના કારણે થયેલી નુકસાનીનું સરવે થઈ ગયુ હોવા છતા સહાયની કોઈ જાહેરાત કરવામાં આવી ન હોય, જે પણ તાત્કાલીક જાહેર કરવામાં આવે એ મુદ્દે ભાણવડના મામલતદારને લેખિત આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. "આપ"ના કાર્યકરો દ્વારા નવતર વિરોધ વ્યકત કરતા મગફળી અને કપાસની અંતિમયાત્રા કાઢીને કરવામાં આવેલી રજૂઆતમાં ખેડુતોને તાત્કાલીક સહાય ચુકવવામાં આવે એવી માંગ સાથે આ આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું.

## ઉનામાં આજે રાત્રે લોક સંગીતનો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૧૭

ઊના શહેર અને તાલુકામાં વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરતી સંસ્થા લક્ષ્ય ફાઉન્ડેશન દ્વારા ઉનાના સુવર્ણ બાગમાં આજ તા૧૭/૧૦/૨૦૨૪ને ગુરૂવારે રાત્રિના આઠ કલાકે ગુજરાત લોક સંસ્કૃતિ અને વારસાને ઉજગર કરતો કાર્યક્રમ વિનામૂલ્યે યોજાશે જેમાં નામવર કલાકારો મંથન પંડ્યા, ભગવાનજીભાઈ ચાવડા, કરણ ગઢવી, આનંદનીબેન ગોહીલ, ભદ્રસિંહ ગોહીલ તેમની લોક કલા રસ પીરસી મનોરંજન આપશે. તમામ કલા રસિક જનોએ પધારવા લક્ષ્ય ફાઉન્ડેશનના ધ્રુવ રમેશભાઈ દીક્ષિત અને આયોજકો દ્વારા નિમંત્રણ આપવામાં આવ્યું છે.

# અદાણી ફાઉન્ડેશન દ્વારા ગાંધીનગર ખાતે માછીમાર સમુદાયની સફળ ગાથાઓને ઉજાગર કરતી પુસ્તિકાનું વિમોચન

અમદાવાદ, તા. ૧૭

અદાણી ફાઉન્ડેશન સમાજના વિમુખ પરિવારો પ્રત્યેસંવેદના અને સમર્પણ ધરાવેછે.મુંદ્રાના માછીમાર સમુદાયના ઉત્થાન માટે ફાઉન્ડેશન એડીચોટીનું જોર લગાવી નોંધનીય પરિવર્તન લાવવામાં સફળ રહ્યું છે.માછીમાર સમુદાયની સફળ પ્રેરણાદાયી ગાથાઓ આધારિત એક વિશિષ્ટ પુસ્તકનું ગાંધીનગર ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું. ફિશરીઝ વિભાગ ગાંધીનગર ખાતેવિભાગના ડિરેક્ટરે પુસ્તક વિમોચન કરતાં અદાણી ફાઉન્ડેશનના યોગદાનને વખાણ્યું હતું. મુંદ્રાની માછીમાર વસોહતોમાં અદાણી ફાઉન્ડેશન દ્વારા અંદાજે ૬૫૦૦ લોકોની જીવનશૈલી સુધારવા વિવિધ યોજનાઓ અમલી કરાવવામાં આવી છે. આ પુસ્તક એવા માછીમારોનું જીવન દર્પણ છે,



જેઓ અત્યંત વિકટ પરિસ્થિતિઓનોસામનો કરીને નવી ઊંચાઈઓએ પહોંચ્યા છે અને સમુદાય માટે નવી આશાનું શમણું બનીને આવ્યા છે. પુસ્તકમાં સામેલ કથાકારો સમુદાયના આદર્શ આગેવાનો છે, જેમણે લોકોને સુયોગ્ય માર્ગદર્શન આપ્યું છે. ફિશરીઝ ડિપાર્ટમેન્ટના ડાયરેકટર ડો.નરેન્દ્ર મીણાએ અદાણી ફાઉન્ડેશનને અભિનંદન પાઠવતા ઉપસ્થિત માછીમાર સમુદાયનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે "સરકારની કેટલીય યોજનાઓ માછીમાર સમાજના ઉત્કર્ષ માટે ઉપયોગી છે.અદાણી ફાઉન્ડેશન તેને પુલ બનીને લાભાર્થીઓ સુધી પહોચાડવામાં ઉત્તમ કામગીરી કરી રહ્યું છે".અદાણી વિદ્યા મંદિર ભદ્રેશ્વરના ભૂલકાઓ સાથે પ્રોત્સાહક સંવાદ કરતા તેમણે વિદ્યાર્થીઓને જીવનમાં અભ્યાસનું મહત્વ પણ સમજાવ્યું હતું. ચેરપર્સન ડો.પ્રીતિબેન અદાણીના માર્ગદર્શન હેઠળ કાર્યરત અદાણી ફાઉન્ડેશનનો ઉદ્દેશ માછીમાર સમુદાયના લોકોને શિક્ષણ, આરોગ્ય અને આધુનિક કૌશલ્ય સાથે સક્ષમ બનાવીને નવી પેઢીને અનુકૂળ અને આધુનિક જીવન તરફ માર્ગદર્શન કરવાનો છે. માછીમાર સમાજના લોકોને મળતા પ્રિતીબેને તેમનેપ્રોત્સાહન સહશુભેચ્છાઓ પાઠવી હતી.

આ પ્રસંગે અદાણી ફાઉન્ડેશનના એકઝીક્યુટીવ ડાયરેક્ટર વસંત ગઢવીએ જણાવ્યું હતું કે"અમે ૨૮ વર્ષોથી મુન્દ્રામાં સામાજિક બદલાવ માટે સખત પ્રયત્નો કરી રહ્યાછીએ. માછીમાર સમુદાયોનું જીવનધોરણ ઉંચુ લાવવામાં અમારો પ્રવાસ સંતોષકારક બની રહ્યો છે. અમારા શૈક્ષણિક કાર્યક્રમો, આરોગ્યલક્ષી સુવિધાઓ અને કૌશલ્ય વિકાસની પહેલોથી તેઓને ફાયદો થયો છે. મને આનંદ છે કે અમારા પ્રયાસો આગામી પેઢીને શિક્ષિત જ નહીં, પરંતુ તેમનું ભાવિ ઉજવળ બનાવતી વૈકલ્પિક આજીવિકાની તકો મેળવવા સક્ષમ બનાવી રહ્યા છે. માછીમાર સમુદાયના લોકોને મળવા અમૂલ્ય સમય ફાળવવા બદલ હું ડો. નરેન્દ્રકુમાર મીણાનો આભાર માનું છું.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ગરવી ગુજરાતની છબીને ખરડતી દુષ્કર્મની ઘટનાઓ

નવરાત્રીના સમયમાં જે પ્રકારની ઘટનાઓ સામે આવી છે તેણે માનવ સમાજનું માથું શરમથી ઝુકાવી દીધું છે. ધંધા ઉદ્યોગમાં, ડ્રગ્સ, શિક્ષણ, બળાત્કાર, છેડતીને મામલે અસામાજિક અને આસુરી તત્ત્વો રાજ્યને અનેક સ્તરે ફોલી રહ્યાં છે. ગુજરાતના દરિયા કિનારે અબજો રૂપિયાનું ડ્રગ્સ ખડકાયા કરે છે ને એ ધીમે ધીમે શહેરની ગલીઓમાં પહોંચ્યું છે. કોલકાતાની રેપ અને મર્ડરની ઘટના પછી વિકૃતિને પણ મોકળાશ મળી છે. પોલીસ બંદોબસ્ત છતાં નવરાત્રિ દરમિયાન એકથી વધુ ગેંગ રેપની ઘટના બની એ બધી રીતે શરમજનક છે. પોલીસ કૈં કરતી નથી એવું નથી, તે ગુનેગારોને પકડે છે, પણ અદ્યતન સગવડો છતાં વધતા જતા ગુનાઓ પર કાબૂ મેળવી શકતી નથી તે હકીકત છે. હવે વધુ લોકો તામસી અને વિકૃતિનો પરિચય આપતા વધુને વધુ ગુનાખોરી તરફ વળી છે તે ચિંતાની વાત છે. રાજ્યમાં નહોતી બનવી જોઈતી એવી એકથી વધુ ઘટનાઓ સામૂહિક દુષ્કર્મની બની છે તેનો સંકોચ તેમને થવો જોઈએ.

નવરાત્રિ દરમિયાન ગેંગ રેપની પહેલી ઘટના ૫ ઓક્ટોબરે વડોદરાના ભાયલીની એક તરૂણી સાથે બની. કચ્છમાં ગરબા જોઈને આવતી એક યુવતી પણ દુષ્કર્મનો ભોગ બની હતી. સુરતમાં જ માંગરોળ બાદ માંડવીમાં દુષ્કર્મની બીજી ઘટના સામે આવી છે. ચૌદ વર્ષની સગીરા પર ૮ મહિના સુધી યુવકે દુષ્કર્મ આચરી તેને ગર્ભવતી કરી. પીડિતાને અચાનક પેટમાં દુખાવો ઊપડતાં તેને હોસ્પિટલ લઈ જવાઈ, જ્યાં તેને કસુવાવડ થઈ ગઈ. પોલીસે પોકસો અને એટ્રોસિટી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સવાલ એ ઉભો થયો છે કે, રાત મધરાત મહિલાઓ બિલકુલ નિર્ભયતાથી હરીફરી શકતી, એ સ્થિતિ હવે રહી નથી. નવરાત્રિ પર્વમાં દુષ્કર્મ અને ગેંગ રેપ જેવી ઘટનાઓ બાદ હવે હવસથી પીડાતાં ગુજરાતમાં તળિયાઝાટક સફાઈનું કામ કરવા જેવું છે. ભાયલી પહેલાં દાહોદમાં પાંચ વર્ષની માસૂમ બાળકીને એક આચાર્યે હવસનો ભોગ બનાવી તેની હત્યા કરી. સુરેન્દ્રનગરમાં એક નશાખોરે પાંચ વર્ષની બાળકીને પીંખી નાખી. મહેસાણામાં એક સગીરા પર દુષ્કર્મ આચરાયું તો, ઉત્તર ગુજરાતમાં એક ભૂવો પણ દુષ્કર્મ આચરવા માટે જવાબદાર ઠર્યો. ધ્રાંગધ્રામાં ચાળીસ વર્ષના આધેડે એક બાળકીને હવસનો શિકાર બનાવી. બોરસદના કંચોડાપુરાના શખ્સે યુવતીને લગ્નની લાલચ આપીને અનેક વાર દુષ્કર્મ કર્યું ને પછી મારી નાખવાની ધમકી આપી. રાજકોટમાં નર્સિંગનો અભ્યાસ કરતી ૧૯ વર્ષની યુવતી પર કૌટુમ્બિક ભાઈએ જ દુષ્કર્મ કર્યાના અહેવાલ છે. આચાર્ય કક્ષાના માણસો જવાબદારીને બદલે ખૂની કે લંપટ થવા સુધી પહોંચે તો ગુજરાતમાં શૈક્ષણિક મૂલ્યોનું ધોવાણ કઈ હદનું હશે તેની કલ્પના જ કરવાની રહે.

### કચ્છના નાના રણમાં ભારે વરસાદના પગલે ઘુડખર અભ્યારણ્ય દિવાળી પછી પ્રવાસીઓ માટે ખુલશે

# ગુજરાતના ૨૭માંથી ૨૬ અભ્યારણ્ય પ્રવાસીઓ માટે ખુલ્લા મુકાયા



અમદાવાદ તા. ૧૭

ગુજરાતના ૨૭માંથી ૨૬ અભ્યારણ ચાર મહિના સદંતર બંધ રહ્યા બાદ આજથી પ્રવાસીઓ માટે ખુલ્લા મુકવામાં આવ્યા છે.

જયારે કચ્છના નાના રણમાં ભારે વરસાદના પગલે ઘુડખર અભ્યારણ દિવાળી પછી પ્રવાસીઓ માટે ખુલશે. હાલ અભ્યારણ વિભાગ દ્વારા રણ ૩૧ ઓક્ટોબર સુધી પ્રવાસીઓ માટે બંધ હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. હાલમાં રણમાં ભારે વરસાદના પગલે પ્રવાસીઓ કે વાહનો જઈ શકે એમ નથી, ત્યારે દિવાળી વેકેશનમા પ્રવાસીઓ વધારે આવતા હોવાથી આવકમાં પણ મોટો ફટકો પડશે.

કચ્છના નાના રણમાં ૪૯૫૪ ચો. કિમીમાં ફેલાયેલા ઘુડખર અભ્યારણ સહિતના ગુજરાતના તમામ ૨૭ અભ્યારણો દર વર્ષે ૧૬ જૂનથી ૧૫ ઓક્ટોબર સુધી સસ્તન પ્રાણીઓનો સંવનનનો સમયગાળો હોવાથી એમને ખલેલ ન પડે એ માટે પ્રવાસીઓ માટે સદંતર બંધ રાખવામાં આવે છે.

ગુજરાતના તમામ અભ્યારણો પ્રવાસીઓ માટે ખુલ્લા મુકવામાં આવે છે. પરંતુ ત્રણ ચાર દિવસ અગાઉ કચ્છના નાના રણમાં ખાબકેલા મુશળધાર ત્રણ ઈંચ વરસાદના પગલે અને બીજીબાજુ બનાસ, રૂપેણ અને સરસ્વતી નદી સહીત ઉત્તર ગુજરાત અને રાજસ્થાનની ૧૧૦ નદીઓના પાણી રણમાં ફરી વળતા હાલમાં કચ્છનું નાનું રણ મીની સમુદ્રમાં ફેરવાઈ ગયું છે.

આથી ગુજરાતના ૨૭માંથી ૨૬ અભ્યારણ ચાર મહિના સદંતર બંધ રહ્યા બાદ પ્રવાસીઓ માટે ખુલ્લા મુકવામાં આવશે. જયારે કચ્છના નાના રણમાં ભારે વરસાદના પગલે ઘુડખર અભ્યારણ દિવાળી પછી પ્રવાસીઓ માટે ખુલશે. હાલ અભ્યારણ વિભાગ દ્વારા રણ ૩૧ ઓક્ટોબર સુધી પ્રવાસીઓ માટે બંધ હોવાનું જાહેર કરવામાં આવ્યું છે. જયારે તાજેતરમા કરાયેલી વસ્તી ગણતરી અનુસાર આ વર્ષે ઘુડખરની સંખ્યામાં ૨૬ %ના વધારા સાથે ઘુડખરની સંખ્યા ૭૬૭૨ એ પહોંચી છે. એમાંય જો હજી વધુ વરસાદ ખાબકે તો આ રણના પવનવેગી દોડવીર ગણાતા એવા ઘુડખર નિહાળવા પ્રવાસીઓ માટે દુર્લભ બને એમ છે. અને સાથે પ્રવાસન વિભાગને પણ આનાથી દિવાળી વેકેશનના તહેવારોમા મરણતોલ ફટકો પડે એમ છે.

સામાન્ય રીતે રણકાંઠાના હજારો અગરીયા પરિવારો દર વર્ષે નવરાત્રીમા કચ્છના નાના રણમાં મીઠુ પકવવા રણમાં પડાવ નાંખે છે. પણ આ વર્ષે કચ્છના નાના રણમાં ભારે વરસાદના પગલે રણમાં આવન જાવનનો રસ્તો બંધ થતા મીઠુ પકવતા અગરીયા સમુદાય પણ મૂંઝવણમા મુકાયો છે અને હવે જો વરસાદ ન થાય તો પણ અગરિયા પરિવારો આગામી એક મહિના સુધી રણમાં મીઠુ પકવવા જઈ શકે એમ નથી.

# કંપનીઓમાં વર્ષ ૨૦૨૫માં સરેરાશ ૯.૫ ટકાનો પગારવધારો જોવા મળશે :સર્વે

નવી દિલ્હી તા. ૧૭

ભારતમાં વર્ષ ૨૦૨૫માં સરેરાશ પગારવધારો ૯.૫% રહેશે, જે ૨૦૨૪ના વાસ્તવિક પગારવધારાની બરાબર રહેશે જેનું કારણ કંપનીઓ આશાવાદ સાથે સતર્કતાભર્યું વલણ પણ અપનાવી રહી છે. પ્રાંત પ્રમાણે ભારતમાં સૌથી વધુ પગારવધારો જોવા મળશે. જ્યારે વિયેતનામ (૭.૬%), ઈન્ડોનેશિયા (૬.૫%), ફિલિપાઈન્સ (૫.૬%), ચીન (૫%) અને થાઈલેન્ડ (૫%) પગારવધારો રહેશે. ઉઉ રિવોર્ડ્સ ડેટા ઈન્ટેલિજન્સ પ્રેક્ટિસ દ્વારા સેલેરી બજેટ પ્લાનિંગ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો છે. એપ્રિલ અને જૂન ૨૦૨૪માં આ સરવે હાથ ધરવામાં આવ્યો હતો. વિશ્વભરના ૧૬૮ દેશોની કંપનીઓમાંથી ૩૨,૦૦૦ જવાબ ભેગા કરવામાં આવ્યા હતા. સરવેમાં ભારતની ૭૦૯ કંપનીઓએ ભાગ લીધો હતો.

કંપનીઓ ગ્રોથને લઈને આશાવાદી વલણ ધરાવે છે ત્યારે તેઓ આશાવાદ સાથે સતર્કતાભર્યું વલણ પણ અપનાવી રહી છે. કંપનીઓ-કર્મચારીઓ બંને સ્થિરતા ઈચ્છે છે અને માર્કેટ સેન્ટિમેન્ટ પણ નોંધપાત્ર રીતે સ્થિર છે. કેપ્ટિવ સેન્ટરની સંખ્યા વર્ષ ૨૦૨૩ના ૧,૫૦૦થી વધીને ૨,૦૦૦ થઈ ચુકી છે. ભારત વિશ્વના કેપેબિલિટી સેન્ટર્સમાંથી અડધા જેટલા સેન્ટર્સનું હબ છે ત્યારે દેશનો સ્કિલ્ડ યુવાવર્ગ ઈનોવેશનને વેગ આપી રહ્યો છે અને પગારવધારા માટેની સંભાવના પણ વધારી રહ્યો છે. વર્ષ ૨૦૨૫માં વેરિએબલ પેઆઉટ્સ ૧૨.૫%પર યથાવત્ રહેશે, જે ૨૦૨૪ દરમિયાન ૧૨.૬%હતું.

## રાજ્ય સરકારના કર્મચારીઓના ઓક્ટોબર માસના પગાર-પેન્શનની એડવાન્સ ચુકવણી ૨૩થી ૨૫ ઓક્ટોબર દરમિયાન કરાશે

ગાંધીનગર તા.૧૭ : મુખ્યમંત્રીશ્રીનો કર્મચારી હિતલક્ષી નિર્ણય-મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓ, નિવૃત્ત પેન્શનર્સ આગામી દિવાળીના તહેવારની ઉજવણી આનંદ ઉલ્લાસથી કરી શકે તે માટે મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. આ વર્ષે દિવાળીના તહેવારોને ધ્યાનમાં લઈને કર્મચારીઓને મળતા માસિક પગાર તેમજ પેન્શનર્સને પેન્શનની રકમની ચુકવણી એડવાન્સમાં કરાશે. રાજ્ય સરકારના કર્મચારીઓ, પેન્શનર્સને ઓક્ટોબર માસની ૨૩ થી ૨૫ તારીખ દરમિયાન આ મહિનાના પગાર અને પેન્શનનું એડવાન્સ ચુકવણું કરવામાં આવશે.

# સમાધાનઃમણિપુર હિંસા વચ્ચે દિલ્હીમાં પ્રથમ વખત મેઈતેઈ-કુકી અને નાગા ધારાસભ્યોની બેઠક

નવી દિલ્હી તા. ૧૭

મણિપુરના મેઈતેઈ અને કુકી સમુદાયના લગભગ ૨૦ ધારાસભ્યોની મંગળવારે બેઠક મળી હતી. ૧૮ મહિના પહેલાં પૂર્વોત્તર રાજ્યમાં જાતીય હિંસા ફાટી નીકળ્યા બાદ આ પ્રથમ બેઠક યોજાઈ હતી. આ બેઠકનો ઉદ્દેશ રાજ્યમાં ચાલી રહેલા સંઘર્ષનો શાંતિપૂર્ણ ઉકેલ શોધવાનો હતો. ગૃહમંત્રાલય દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં ભાજપના સાંસદ સંબિત પાત્રા અને નાગા સમુદાયના ત્રણ ધારાસભ્યો પણ હાજર હતા.કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મણિપુરના સીએમ એન. બિરેનસિંહ બેઠકમાં હાજર રહ્યા ન હતા પરંતુ, કેન્દ્ર વતી વાટાઘાટકાર એ.કે. મિશ્રા અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ હાજર હતા. મેઈતેઈ અને કુકી ધારાસભ્યો એક જ રૂમમાં એકઠા થયા હતા. છેલ્લા દોઢ વર્ષમાં ૧૦ કુકી ધારાસભ્યોમાંથી એકે પણ મેઈતેઈના પ્રભુત્વવાળા ઈમ્ફાલમાં પગ મૂક્યો નથી.

મણિપુરમાં ૭ નવા જિલ્લા પરત ખેંચવા નાગા કાઉન્સિલના અલ્ટિમેટમ પછી કુકી-મેઈતેઈ વાટાઘાટો માટે તૈયાર થયા મણિપુરમાં છેલ્લા ૧૮ મહિનાથી ચાલી રહેલી હિંસા વચ્ચે પ્રથમ વખત મેઈતેઈ અને કુકી સમુદાયના ધારાસભ્યો-મંત્રીઓએ મંગળવારે નવી દિલ્હીમાં ગૃહ મંત્રાલય દ્વારા બોલાવવામાં આવેલી બેઠકમાં ભાગ લીધો હતો. હિંસા શરૂ થયા બાદ આ પહેલીવાર બન્યું હતું જયારે બંને સમુદાયના નેતાઓ સામસામે બેસીને વાટાઘાટો કરી હતી. આ વાટાઘાટોમાં મણિપુરના નાગા ધારાસભ્યો અને મંત્રીઓ પણ સામેલ હતા. વાસ્તવમાં આ મંત્રણા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની સીધી દેખરેખમાં આયોજિત કરાઈ હતી. આ પહેલાં પણ સરકારે બંને સમુદાયો સાથે અલગ-અલગ મંત્રણા કરી ઉકેલ શોધવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કોઈ ઉકેલ લાવી શકાયો ન હતો. મણિપુરની વર્તમાન સ્થિતિ પર નજર રાખનારા નિષ્ણાતો કહે છે કે સરકારે બંને સમુદાયો પર સતત દબાણ કર્યું છે જેથી કરીને રાજ્યમાં હિંસક સ્થિતિને કોઈક રીતે સામાન્ય કરી શકાય. એવી ચર્ચા છે કે મણિપુરમાં વસતા નાગા સમુદાયે તેમની માગણીઓને લઈને સરકારને અલ્ટિમેટમ આપ્યું છે કે તરત જ રાજ્યમાં ચાલી રહેલા રાજકીય ગતિવિધિઓ ઝડપથી બદલાવા લાગી.

## અંકલેશ્વર ડ્રગ્સકાંડઃફાર્મા કંપનીની મહિલા માલિક માત્ર મહોરું, ખરા ખેલાડી વિદેશમાં

ભરૂચ તા. ૧૭

અંકલેશ્વરની આવકાર ડ્રગ્સ કંપનીમાંથી ૫,૦૦૦ કરોડનું કોકેઈન અને મેથ નામનું ડ્રગ્સ ઝડપાયા બાદ કંપનીના માલિકો પણ શંકાના દાયરામાં આવ્યા છે.

કંપનીના ડિરેકટરો અશ્વિન રામાણી, વિજય ભેંસાણિયા અને બ્રિજેશ કોઠિયાએ ૨૦૧૬માં આવકાર ડ્રગ્સ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની શરૂ કરી હતી અને ૨૦૨૪ સુધીમાં તેઓ બે કંપનીઓના માલિક બની ગયા છે. હાલ તો ત્રણેય ડિરેકટરો દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલના રિમાન્ડ પર છે.

આવકાર ડ્રગ્સ કંપનીને પૂણેની ફાર્મા સોલ્યુશન સર્વિસ નામની કંપનીએ કેમિકલ પ્રોસેસ કરી પ્રોડક્ટ બનાવી આપવાનું જોબવર્ક આપ્યું હતું. પૂણેની કંપની તરફથી અભિલાષા ગુપ્તા નામની મહિલાએ આવકારના ડિરેક્ટરો સાથે કરાર કર્યો હતો. પોલીસની તપાસમાં ફાર્મા સોલ્યુશન કંપનીની ઓફિસ માત્ર ૧૦ બાય ૧૦ની ખોલીમાં કાર્યરત છે અને અભિલાષા તેમાં નોકરી કરતી હતી અને તેને પાવર ઓફ એટર્ની આપીને કરાર કરાવાયો હતો. પોલીસની તપાસમાં ફાર્મા સોલ્યુશન સર્વિસ નામની કંપની ડ્રગ્સ કાર્ટેલે ઊભી કરેલી બોગસ કંપની છે અને તેના માધ્યમથી અંકલેશ્વરમાં કરોડો રૂપિયાની કિંમતનું ડ્રગ્સ પ્રોસેસ કરાવી તેને દિલ્હી સુધી પહોંચાડી દીધું હતું.

# સાંસ્કૃતિક અને પુરાતત્વીય વારસો ધરાવતી ભગવાન શ્રીકૃષ્ણની ભૂમિ કેન્દ્રસરકાર દ્વારા હેરીટેજ સીટી જાહેર

### જય દ્વારકાધીશઃ કૃષ્ણભૂમિ દ્વારકા બન્યું પ્રવાસીઓ માટેનું સુવિધાયુકત યાત્રાધામ : પર્યટન સ્થળોના વિકાસથી પ્રવાસીઓનો વધતો પ્રવાહઃ ઓખાથી બેટદ્વારકાને જોડતા સુદર્શન સેતુના નિર્માણથી દ્વારકા જીલ્લાની યશકલગીમાં ઉમેરાયું એક મોરપિંછઃ દ્વારકા જીલ્લામાં અનેક પ્રવાસન સ્થળો દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર



પ્રાચીન કાળમાં દ્વારાવતી તરીકે ઓળખાતું દ્વારકા ભગવાન શ્રી કૃષ્ણની કર્મભૂમિ છે. શાસ્ત્રોમાં દ્વારકાનો સાત મોક્ષદાયી નગરોમાં સમાવેશ કરાયો છે. બેટ દ્વારકા, ઘુમલી, અને હરસિદ્ધિ મંદિર જેવા પ્રાચીન સ્થળો ધરાવતો દ્વારકા જિલ્લો ધાર્મિક અને રાષ્ટ્રીય સુરક્ષાની દષ્ટિએ અનેરું મહત્વ ધરાવે છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તત્કાલીન મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળી, ત્યારથી વડાપ્રધાન સુધીની સફરમાં ગુજરાત વિકાસનું રોલ મોડલ રહ્યું છે. વર્ષ ૨૦૧૩ માં દ્વારકા, ખંભાળિયા, કલ્યાણપુર, ભાણવડ તાલુકાને સમાવીને દેવભૂમિ દ્વારકા જિલ્લાની અલગ રચનાં કરવામાં આવી. છેલ્લા એક દાયકામાં દેવભૂમિ દ્વારકા જિલ્લાએ કરેલો વિકાસ સૌ કોઈનું ધ્યાન ખેંચે છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા પ્રવાસન સ્થળો દેશ - વિદેશના નાગરિકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

સાંસ્કૃતિક અને પુરાતત્વીય વારસો ધરાવતી આ ભગવાન શ્રી કૃષ્ણની ભૂમિને કેન્દ્ર સરકાર દ્વારા હેરીટેજ સિટી તરીકે જાહેર કરી વૈશ્વિક ઓળખ પ્રસ્થાપિત કરવામાં આવી છે. જ્યાં ભગવાન શ્રી દ્વારકાધીશના ચરણોમાં લાખો ભાવિકો શીશ ઝુકાવે છે.

બેટ દ્વારકા - સુદર્શન સેતુ

ઓખાથી બેટ દ્વારકાને જોડતા આ સુદર્શન સેતુના નિર્માણ થકી દેવભૂમિ દ્વારકા જિલ્લાની યશકલગીમાં એક મોરપીંછ ઉમેરાયું છે. રૂ. ૯૭૯ કરોડના ખર્ચે આ વિશીષ્ટ કેબલ સ્ટેયડ બ્રીજનું ગત ફેબ્રુઆરી માસમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. પ્રવાસનના વિકાસ થકી બેટ-દ્વારકા તેમજ ઓખામાં નવી રોજગારીનું સર્જન થયું છે. બેટ દ્વારકા ખાતે દર્શનાર્થે આવતા ભકતજનો સરળતાથી દર્શન કરી શકશે.

સુદર્શન સેતુની લંબાઈ ૨.૩૨ કીલોમીટર છે. જેમા ૯૦૦ મીટર કેબલ સ્ટેયડ ભાગ છે. બ્રિજના મુખ્ય ગાળામાં બંને પાયલોન પર ૨૦સ૧૨ મીટરના ૪ મોરપંખ આકારવામાં આવ્યા છે. ઓખા તરફ ૩૭૦ મીટર લંબાઈનો એપ્રોચ બ્રિજ, બેટ તરફ ૬૫૦ મીટર એપ્રોચ બ્રિજ છે. બ્રીજના મુખ્ય ગાળામાં ૧૩૦ મીટર ઊંચાઈ ધરાવતા બે પાયલોન છે.

આ ચાર માર્ગીય બ્રીજની પહોળાઈ ૨૭.૨ મીટર છે, જેમાં બન્ને બાજુ ૨.૫૦ મીટરના ફૂટપાથ છે. ફુટપાથની બાજુ પર કોતરણી કામ કરી ભગવદગીતાના શ્લોક તેમજ ભગવાન શ્રીકૃષ્ણની છબીઓ દર્શાવવામાં આવી છે. ફૂટપાથ ઉપર લગાવેલી સોલાર પેનલની એક મેગાવોટની વિજળી ઉત્પાદનક્ષમતા છે,હ. જેનો ઉપયોગ બ્રીજના લાઈટીંગમાં થય છે. બ્રીજ પર કુલ ૧૨ લોકેશન પર પ્રવાસીઓ માટે વ્યુઈંગ ગેલેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે.

શિવરાજપુર બીચ

દ્વારકા અને ઓખા વચ્ચે બ્લુ ફ્લેગ ધરાવતો સ્વચ્છ, સુંદર, સલામત અને મનોહર એવો શિવરાજપુર બીચ આવેલો છે. જે દેશ - વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ બીચ ઉપર હાલ પ્રવાસીઓને લગતી સુવિધાઓને વિકસાવવા માટે પ્રવાસન નિગમ દ્વારા ત્રણ ફેઝમાં કામગીરી કરવામાં આવી રહી છે. આ કામગીરી પૂર્ણ થતા પ્રવાસીઓ માટે વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ થશે.

નાગેશ્વર જ્યોતિર્લિંગ

દારુકાવનમાં બિરાજતા ભગવાન શિવના જ્યોતિર્લિંગ સમા અને બારે માસ પ્રવાસીઓથી ધમધમતા નાગેશ્વર ખાતે મહાશિવરાત્રીના દિવસે તો અહીં ભક્તિ મેળાનું દ્રશ્ય ખડું થતું હોય છે.

નાગેશવન

સામાજીક વનીકરણ યોજના હેઠળ ૨૦૧૩-૧૪ માં નાગેશ્વર ખાતે રાજ્યકક્ષાના ૬૪ માં વન મહોત્સવની ઉજવણી માટે ૧૦ માં સાંસ્કૃતિક વન નાગેશવનનું નિમાર્ણ કરવામાં આવ્યુ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા પૌરાણિક તથા ધાર્મિક મહત્વ ધરાવતાં શ્રી નાગેશ્વર જયોતિર્લિંગ ખાતે નાગેશ વનનું લોકાર્પણ કરાયું હતું.

આ નાગેશ વનમાં રાશી વન, નક્ષત્ર વન, પંચવટી વન, તુલશી વન, સપ્તરૂષિ વાવેતર સહિતના જુદા જુદા વન તેમજ વિવિધ જાતના વૃક્ષોનું વનોમાં વાવેતર કરવામાં આવ્યું છે. નાગેશવનમાં કોતરણીવાળો કલાત્મક ગેઈટ, કૈલાશ પર્વતનું મોડેલ અને તેના પર બિરાજમાન ભગવાન શિવની સહ પરિવાર મુર્તિ, ભગવાન શ્રી કૃષ્ણની મૂર્તિ, દારૂકાવધ પ્રસંગની મૂર્તિ, વન કુટીર, મરીન ઈન્ટરપ્રીટીશન સેન્ટર, કેકટસ હાઉસ, ઉજાણી ગૃહ તથા બાળકોના મનોરંજન માટે જુદી જુદી રાઈડસ વિગેરે આકર્ષણનું કેન્દ્ર છે. નાગેશ્વર ખાતે દર્શનાર્થે આવતા પ્રવાસીઓ માટે એક રમણીય સ્થળનું નિર્માણ કરવામા આવેલું છે.

કોયલા ડુંગરમાં બિરાજમાન હરસિદ્ધિ માતા

હરસિદ્ધિ માતાનું મંદિર તીર્થધામ કોયલા ડુંગરમાં આવેલું છે. કલ્યાણપુર તાલુકાના ગાંધવી ગામની હદમાં મેઢા ખાડીના કિનારે આ મંદિર આવેલુ છે. અહીં નવરાત્રી દરમિયાન રાજ્ય સરકાર દ્વારા એક દિવસીય નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવે છે.

હરસિદ્ધિ વન

કલ્યાણપુર તાલુકાના ગાંધવી (હર્ષદ) ખાતે આવેલ પૌરાણિક તથા ઐતિહાસિક મહત્વ ધરાવતાં હરસિદ્ધિ માતાના મંદીર નજીક મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા તાજેતરમાં હરસિદ્ધિ વનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

હરસિદ્ધિ વનમાં વિવિધ પ્રજાતિના અંદાજિત ૪૧,૬૧૯ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યા છે. જેમાં સ્થાનિક પ્રજાતિના વૃક્ષો વડ, પીપળો, પ્રાગ વડ, વિગેરેનું વાવેતર કરવામાં આવ્યું છે. દરિયાકાંઠે ઉછરી શકે તે માટે તેને અનુરૂપ રોપાઓ પીલુ, નાળીયેર, બદામ, અરણી વિગેરે વૃક્ષો પણ અહીં ઉછેરવામાં આવ્યા છે. ગુગળ વન તથા કેકટસ વાટીકા વિગેરેમાં તેના નામને અનુરૂપ પ્રજાતિઓ ઉછેરવામાં આવેલ છે.

આ ઉપરાંત ઉજાણી સ્થળ તરીકે પર્યટકો આકર્ષાય તે સંદર્ભમાં આ સાંસ્કૃતિક વનમાં બાળ વાટીકા, સેલ્ફી પોઈન્ટ ગાર્ડન, બીચ થીમ સીટીંગ એરીયા, મેડીટેશન, ગઝેબો, સનસેટ પોઈન્ટ પણ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની રહેશે.

જિલ્લામાં આવેલા અન્ય પ્રવાસન સ્થળો

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં રૂક્ષ્મણી મંદિર, ગોમતી ઘાટ, ભડકેશ્વર મહાદેવ, ગોપી તળાવ, હનુમાન દાંડી, કિલેશ્વર મહાદેવ, શનિ મંદિર (હાથલા), ઘુમલી, સોનકંસારી, આભાપરા હિલ સ્ટેશન, મરીન નેશનલ પાર્ક - નરારા ટાપુ સહિત અનેક પ્રવાસન સ્થળો આવેલા છે, કે જે દેશ - વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

કર્તવ્યનો સમય વિતી ગયા બાદ તેની સફળતાનું રહસ્ય સમજાય છે.

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.ખોરદાદ-૧૩૯૪, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૬, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૧, આસો સુદ-૧૫ શ્રી વાલ્મિકી જયંતિ, કાર્તિક સ્નાન પ્રારંભ, ડાકોરનો મેળો, પંચક (સાંજે ૪:૨૦ ક.થી સમાપ્ત) તા.૧૭ ઓક્ટોબર ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૪, મુસ્લિમ તા.૧૩, રેવતિ નક્ષત્ર, ધ્રુવ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૫૦, સૂ.અ.૬:૨૪

આજનો દિવસ મધ્યમ છે.

આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), સાંજે ૪:૨૦ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: વ્યર્થ દોડા-દોડી રહે. મનમાં વ્યગ્રતા અનુભવાય.
વૃષભ:માનસિક અસ્વસ્થતા અનુભવાય. કાર્યબોજમાં વધારો થાય.
મિથુન:પુરૂષાર્થનું શુભરૂપ પ્રાપ્ત થાય. આરોગ્ય બાબતે સાવચેત રહેવું.
કર્ક: મનની મુરાદ મનમાં રહે. અણધારી આફત આવે.
સિંહ: મહત્વની કામગીરીમાં સફળતા મળે. નવિન ઓળખાણ લાભ આપી જાય.
કન્યા: આરોગ્ય અંગે સાવચેત રહેવું. પડોશી વર્ગથી મતભેદ સર્જાય.
તુલા: લાભની આશા ઠગારી નીવડે. આર્થિક વ્યવહારમાં સાવચેતી રાખવી.
વૃશ્ચિક:ચિંતાનો ઉકેલ મળે. મનની મુરાદ બર આવે.
ધન: નવિન લાભની તક મળે. શત્રુઓ કે વિરોધી વર્ગ પર વિજય મળે.
મકર: માનસિક ચિંતા અનુભવાય. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
કુંભ: સામાજિક કાર્યમાં સફળતા મેળવી શકશો. ધંધામાં આકસ્મીક લાભ થાય.
મીન: મનની મુરાદ પૂરી થાય, આનંદમય દિવસ વ્યતિત થાય. પ્રિયજનથી મિલન થાય.

# વૈવાહિક બળાત્કારના અપવાદને રદ કરવાથી લગ્નજીવન અસ્થિર થઈ શકે છે : સુપ્રીમ કોર્ટમાં કેન્દ્રનું નિવેદન

## કેન્દ્રએ જણાવ્યું હતું કે વૈવાહિક બળાત્કારનો મુદ્દો માત્ર બંધારણીય પ્રશ્ન નથી, પરંતુ એક જટિલ સામાજિક મુદ્દો છે

નવી દિલ્હી તા.૧૭

કેન્દ્ર સરકારે સર્વોચ્ચ અદાલતને વૈવાહિક બળાત્કારને ગુનાહિત બનાવવાની દૂરગામી સામાજિક-કાનૂની અસરો સામે ચેતવણી આપી છે અને અદાલતને કડક કાયદાકીય માળખાથી આગળ વ્યાપક અભિગમ અપનાવવા વિનંતી કરી છે. સર્વોચ્ચ અદાલતમાં સબમિટ કરવામાં આવેલ એફિડેવિટમાં, કેન્દ્રએ દલીલ કરી હતી કે આ મુદ્દા ઉપરની કોઈપણ ન્યાયિક સમીક્ષામાં વ્યાપક સામાજિક પરિણામો અને સંસદના વલણને સ્વીકારવું જોઈએ. ભારતીય કાયદા હેઠળ વૈવાહિક બળાત્કારના અપવાદની બંધારણીયતાને પડકારતી શ્રેણીબદ્ધ અરજીઓના જવાબમાં એફિડેવિટ દાખલ કરવામાં આવી હતી, જેમાં જો પત્ની પુખ્ત હોય તો પતિને બળાત્કાર માટે કાર્યવાહીમાંથી મુક્તિ આપે છે. તે મૂળરૂપે ભારતીય દંડ સંહિતા (IPC)ની કલમ ૩૭૫માં સમાવિષ્ટ જોગવાઈ છે, તે તેના અનુગામી કાયદા, ભારતીય ન્યાય સંહિતા (BNS)માં જાળવી રાખવામાં આવી હતી. તેની રજૂઆતમાં, કેન્દ્રએ જણાવ્યું હતું કે વૈવાહિક બળાત્કારનો મુદ્દો માત્ર બંધારણીય પ્રશ્ન નથી, પરંતુ એક જટિલ સામાજિક મુદ્દો છે. આવા વિષયો ઉપર ન્યાયિક સમીક્ષા કરતી વખતે, એ ધ્યાન રાખવું જોઈએ કે વર્તમાન પ્રશ્ન માત્ર બંધારણીય પ્રશ્ન નથી, પરંતુ અનિવાર્યપણે એક સામાજિક પ્રશ્ન છે, જેના ઉપર સંસદને જાણ કર્યા પછી અને વર્તમાન ઉપરના અભિપ્રાયની તમામ બાજુઓથી વાકેફ થયા પછી આ વલણ લેવામાં આવ્યું છે. સરકારે ધ્યાન દોર્યું હતું કે IPCમાં ૨૦૧૩ના સુધારા દરમ્યાન સંસદે આ મુદ્દા ઉપર કાળજીપૂર્વક વિચાર કર્યો હતો અને વૈવાહિક બળાત્કારના અપવાદને જાળવી રાખવાનું પસંદ કર્યું હતું. કેન્દ્રએ દલીલ કરી હતી કે અપવાદને દૂર કરવાના કોઈપણ પગલાથી ભારતમાં લગ્ન ઉપર ઊંડી અસર પડશે. એફિડેવિટમાં ચેતવણી આપવામાં આવી હતી કે વૈવાહિક બળાત્કારને ગુનાહિત રૂપ આપવાથી વૈવાહિક સંબંધોમાં ખલેલ પડી શકે છે અને લગ્નને અસ્થિર કરી શકે છે. તેણે એવી ચિંતા પણ વ્યક્ત કરી હતી કે, સામાજિક અને પારિવારિક માળખાના સ્વભાવને જોતાં, સુધારેલી જોગવાઈઓનો દુરૂપયોગ થઈ શકે છે. ઝડપથી વિકસતા અનેર સતત બદલાતા સામાજિક અને પારિવારિક માળખામાં, સુધારેલી જોગવાઈઓનો દુરુપયોગ પણ નકારી શકાય નહીં, કારણ કે વ્યક્તિ માટે સંમતિ હતી કે નહીં તે સાબિત કરવું મુશ્કેલ અને પડકારજનક હશે. હવે નાબૂદ કરાયેલ આઈપીસી હેઠળ, કલમ ૩૭૫ જો પીડિત તેની પત્ની હોય અને તે સગીર ન હોય તો બળાત્કારના આરોપમાંથી પુરૂષને મુક્તિ આપે છે. જુલાઈ ૨૦૨૩માં અમલમાં આવેલ BNS, હવે કલમ ૬૩ હેઠળ આ મુક્તિ જાળવી રાખે છે. આ જોગવાઈને ઘણા અરજદારો તરફથી કાનૂની પડકારોનો સામનો કરવો પડ્યો છે જેઓ



દલીલ કરે છે કે તે પરિણીત મહિલાઓને તેમના પતિ દ્વારા જાતીય હુમલા સામે કાનૂની રક્ષણ નકારીને તેમની સાથે ભેદભાવ કરે છે. જાન્યુઆરી ૨૦૨૩માં, સર્વોચ્ચ અદાલતે વૈવાહિક બળાત્કારના અપવાદની કાયદેસરતા ઉપર પ્રશ્ન ઉઠાવતી શ્રેણીબદ્ધ અરજીઓ માટે કેન્દ્રનો જવાબ માંગ્યો હતો. કોર્ટે મે ૨૦૨૩માં નવી અધિકૃત BNSમાં જોગવાઈઓને પડકારતી અરજીઓ ઉપર સમાન નોટિસ જારી કરી હતી. બે ન્યાયાધીશો વૈવાહિક બળાત્કારના અપવાદની બંધારણીયતા ઉપર મતભેદ ધરાવતા હતા. ન્યાયાધીશ રાજીવ શકધરે દલીલ કરી હતી કે વૈવાહિક બળાત્કારનો અપવાદ ગેરબંધારણીય છે. તેનાથી વિપરિત, ન્યાયમૂર્તિ સી હરિ શંકરે અપવાદની માન્યતાને સમર્થન આપ્યું હતું. બીજી અરજીમાં કર્ણાટકના ઉચ્ચ ન્યાયાલયના ચુકાદાને પડકારનાર એક વ્યક્તિનો સમાવેશ થાય છે, કારણ કે કોર્ટે તેની પત્ની ઉપર કથિત રીતે બળાત્કાર કરવા બદલ તેની સામે કાર્યવાહી કરવાની મંજૂરી આપી હતી. માર્ચ ૨૦૨૨માં, કર્ણાટક હાઈકોર્ટે ચુકાદો આપ્યો હતો કે પતિઓને બળાત્કાર માટે કાર્યવાહીમાંથી મુક્તિ આપવી એ બંધારણની કલમ ૧૪ની વિરૂધ્ધ્ છે, જે કાયદા સમક્ષ સમાનતાની ખાતરી આપે છે.

## ગાઝામાં શાળા ઉપર હવાઈ હુમલામાં ૨૦ બાળકોનાં મોત

(એજન્સી) તા.૧૭

ઈઝરાયેલ હાલમાં હમાસ અને હિજબુલ્લાહ સાથે બે મોરચે યુદ્ધ લડી રહ્યું છે ત્યારે ફરી એકવાર ઈઝરાયલે ગાઝામાં હવાઈ હુમલો કર્યો હતો. સ્થાનિક હોસ્પિટલોના જણાવ્યા અનુસાર, મધ્ય ગાઝામાં બેઘર લોકોનું આશ્રયસ્થાન બની ગયેલી એક શાળામાં ઈઝરાયલે આ વખતે હવાઈ હુમલા કરતાં હાહાકાર મચી ગયો હતો. આ હુમલામાં બાળકો સહિત ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થયા હતા.નુસેરાતમાં રવિવારે રાત્રે કરાયેલા હુમલામાં મૃતકોમાં બે મહિલાઓ પણ સામેલ હતી. આ શાળા ગાઝામાં વર્ષો સુધી ચાલેલા યુદ્ધથી વિસ્થાપિત થયેલા ઘણા પેલેસ્ટિનિયનોનું ઘર હતી. મૃતદેહોને નુસેરાતની અલ-અવદા હોસ્પિટલ અને દેર અલ-બાલાહની અલ-અક્સા શહીદ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.ગાઝાના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, ઈઝરાયેલના બોમ્બમારા અને ગાઝા ઉપર ગ્રાઉન્ડ ઓપરેશનમાં અત્યાર સુધી ગાઝામાં ૪૨,૦૦૦થી વધુ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે. ઈઝરાયલ જ્યારે પણ હુમલા કરે છે ત્યારે હમાસના લડાકૂઓ અને નાગરિકો વચ્ચે કોઈ અલગતા રાખતું નથી અને બેફામ હુમલા કરીને ચારેકોર વિનાશ વેરી રહ્યું છે.

## ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા વિવિધ પદો માટે નવી ભરતીની જાહેરાત કરાઈ

ગાંધીનગર, તા.૧૭

સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા ઉમેદવારો માટે સરકાર તરફથી વધુ આનંદના સમાચાર જાહેર કરાયા છે. રાજયમાં સહાયક મોટર વાહન નિરીક્ષક વર્ગ-૩ માટે ભરતી જાહેર કરાઈ છે. ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા સહાયક મોટર વાહન નિરીક્ષકની ૧૫૩ પદો માટે ભરતી જાહેર કરવામાં આવી છે. જાહેર સેવા આયોગ દ્વારા કરાયેલ નવી ભરતીમાં આ ઉપરાંત નાયબ સેકશન અધિકારી(કાયદા) માટે ૪૦ જગ્યાઓ ઉપર ભરતી કરવામાં આવશે જયારે ગાંધીનગર મહાપાલિકાની ૪૫ જગ્યાઓ ઉપર ભરતી જાહેર કરવામાં આવી છે. જાહેરાત મુજબ આ નવી ભરતી માટે રાજયના લાયકાત ધરાવતા ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકશે. ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC) દ્વારા જુદાજુદા પદો માટે ભરતી કરાઈ છે. જે તમામ પરીક્ષાઓમાં શૈક્ષણિક લાયકાત અલગ-અલગ છે. આયોગની વેબસાઈટ ઉપર આ નવી ભરતી માટે લાયકાત વગેરેની વિગતવાર માહિતી મૂકવામાં આવી છે. જેમાં લાયકાત ધરાવતા ઉમેદવારો માટે ૧૫ ઓકટોબરથી ઓનલાઈન અરજી કરવાનો પ્રારંભ થયો છે. અરજી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ આયોગ દ્વારા આગામી રાજયમાં ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષા અંગેનો કાર્ય જાહેર કરવામાં આવશે, તેમ આયોગ દ્વારા વધુમાં જણાવ્યું છે.

## બાબા સિદ્દીકીની હત્યા એ પુરાવો છે કે, મહારાષ્ટ્રમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણ પડી ભાંગ્યા છે; રાહુલ ગાંધી



નવી દિલ્હી, તા.૧૭

લોકસભા વિપક્ષના નેતા અને કોંગ્રેસના અગ્રણી રાહુલ ગાંધીએ બાબા સિદ્દીકીની હત્યાને ખૂબ જ દુઃખદ અને આઘાતજનક ગણાવી હતી અને કહ્યું હતું કે આ ઘટનાએ પુરવાર કરે છે કે મહારાષ્ટ્રમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે ભાંગી પડ્યા છે. તેમણે રાજય સરકારને જવાબદારી સ્વીકારવા અનુરોધ કર્યો હતો અને કહ્યું હતું કે આ ઘટના બાદ પરિવારને ન્યાય મળવો જ જોઈએ. બીજી તરફ કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ ઘટનાની ઊંડી સઘન અને પારદર્શક તપાસ કરાવવા માટે માંગણી કરી હતી. રાહુલ ગાંધીએ તેમના એક્સ હેન્ડલ ઉપર ટ્વિટ કર્યું હતું કે બાબા સિદ્દીકીની હત્યા ખૂબ જ આઘાતજનક અને દુઃખદ છે. આ કપરા સમયમાં એમના પરિવાર માટે મારીસાંત્વના છે. આ બનાવ દર્શાવે છે કે રાજયમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે પડી ભાંગ્યા છે. મારી પાસે આ કરૂણ ઘટનાને માટે આઘાત વ્યકત કરવા પૂરતા શબ્દો નથી. દુઃખની આ ઘડીમાં હું બાબાના પરિવારજનોને તથા એમના મિત્રો અને સમર્થકોને ઊંડી સાંત્વના પાઠવું છું અને બાબાને શ્રદ્ધાંજલિ આપું છું. કોંગ્રેસ પ્રમુખ ખડગેએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્ર સરકારે સઘન અને પારદર્શક તપાસનો આદેશ આપવો જોઈએ જેથી કરીને અપરાધીઓને વહેલી તકે સજા કરાવી શકાય. ન્યાય થવો જ જોઈએ. કર્ણાટકના નાયબ મુખ્યમંત્રીબીકે શિવકુમારે જણાવ્યું હતું કે આ ઘટનાની પૂરેપૂરી તપાસ થશે અને ન્યાય કરવામાં આવશે એવી મને આશા છે. શિવકુમારે જણાવ્યું હતું કે બાબા સિદ્દીકીના આવી રીતે કરૂણ નિધનથી મને ખૂબ આઘાત લાગ્યો છે અને ખૂબ જ દુઃખ અનુભવું છું. એમના પુત્ર ઝિશાઝને હું સાંત્વના પાઠવું છું અને એમના પરિવારજનો માટે તેમને ધીરજ મળે એવી ઈશ્વરને પ્રાર્થના કરૂં છું. શિવસેના ઉદ્ધવ ઠાકરે જૂથના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ જણાવ્યું હતું કે મહારાષ્ટ્રમાં ચૂંટણીઓ જાહેર કરવામાં મોડું થઈ રહ્યું છે અને વિલંબનાર એ દરેક દિવસ માટે ચૂંટણી પંચને શું કામ જવાબદાર ન ઠરાવવું જોઈએ અને રાજયમાં ચાલી રહેલ લૂંટ અને કાયદા વ્યવસ્થાના પતન માટે ચૂંટણી પંચ જવાબદાર છે એવું હું મારી પૂરી જવાબદારી સાથે કહું છું.


# ઈવેન્ટ મેનેજમેન્ટની રંગારંગ અને ઝગમગાટ ભરી દુનિયામાં ઝંપલાવો અને બનાવો ઉત્તમ કારકિર્દી

**આ કરિયરમાં અભ્યાસ કરતા રચનાત્મકતા, આવડત, અનુભવ અને કોઠાસૂઝ જરૂરી છે. ઇવેન્ટ મેનેજમેન્ટના અભ્યાસક્રમો અને તાલીમ લગભગ કોઇ સરકારી યુનિવર્સિટી કે જાણીતી સેલ્ફ ફાઇનાન્સ કોલેજોમાં થતા નથી. ઘણી ખાનગી સંસ્થાઓ છે તેઓ તેના કોર્ષ ચલાવે છે અને અમુક યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવે છે. તેમાં તમને પ્રેક્ટિકલ અને થીયરીકલ ટ્રેનિંગ આપવામાં આવે છે. બીજી બાજુ જો તમે ઉત્સાહી, ખૂબ જ લાંબો સમય મહેનત કરવા તૈયાર હોવ, એકથી બીજા શહેરોમાં ફરવાની તૈયારી હોય તો તમે ચોક્કસથી આ કરિયર અપનાવી શકો છો.**

મિત્રો તાજેતરમાં અબજોપતિ ઉદ્યોગપતિ અનંત અંબાણીના પ્રિવેડીંગ અને ત્યારબાદ વેડીંગની ઉજવણીના રંગારંગ અને ઝગમગાટભર્યા કાર્યક્રમોની માત્ર આપણે દેશ નહિ પરંતુ દુનિયાભરમાં ચર્ચા રહી હતી. બીજી બાજુ અવારનવાર સેલિબ્રિટીઓના લગ્ન પ્રસંગો અને પાર્ટીઓની પણ ચર્ચા મીડિયામાં ચમકતી રહે છે. તેમાં જે સ્થળે પાર્ટી હોય ત્યાં અંદરનું ડેકોરેશન, ફૂડ, મહેમાનો માટે વ્યવસ્થા ઝાકઝમાળભરી અને ચકાચૌંધ કરી દેતી હોય છે. બીજી બાજુ સેલિબ્રીટી સિંગર્સનો કોન્સર્ટ સહિતની અવનવી ઈવેન્ટનું આયોજન થતું જ હોય છે અને તેની એટલી લોકપ્રિયતા હોય છે કે તેના ફોટો અને વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા હોય છે. તો આ બધી ઝાકઝમાળ અને તામઝામ પાછળ જેની મહેનત હોય છે તેવા ઈવેન્ટ મેનેજરો વિશે આજે આપણે વાત કરીશું. આ એક મજ્જા આવી જાય તેવી એક કારકિર્દી છે અને તેમાં મોજ, ગ્લેમર, ખૂબ હરવા-ફરવાનું અને અઢળક કમાણી કરવા મળે છે. તો મિત્રો આજે આપણે વાત કરવી છે ઈવેન્ટ મેનેજમેન્ટ ક્ષેત્રની કારકિર્દીની કે જેમાં આનંદ, મહેનત, સ્ટ્રગલ અને છેવટે ખૂબ નામ અને દામ મળે છે. તો ચાલો આપણે જાણીશું આ કારકિર્દી વિશે.

**● ઇવેન્ટ મેનેજમેન્ટ એટલે શું ? તેનું મહત્ત્વ સમજો**

મિત્રો કોઇપણ શુભ પ્રસંગની ઉજવણી કરવાની લોકોને ખૂબ જ ઈચ્છા હોય છે. લોકોને છવાઈ જવું હોય છે અને પોતાની ધન, વૈભવ, સંપર્કો અને સમૃદ્ધિનું પ્રદર્શન કરવાની તક તેઓને કોઇને કોઇ ઈવેન્ટમાં જ મળતી હોય છે. વળી લગ્ન દેવી ઈવેન્ટ લાઈફમાં એક જ વખત ઉજવવાની હોય છે તેવી પરંપરાગત વિચારધારા લોકો ધરાવે છે. વળી છેલ્લા કેટલાક વર્ષોથી મોટાભાગના લોકો એક કે બે બાળકો જ ધરાવતા હોવાથી પોતાના સંતાનનો શુભ પ્રસંગ ધામધૂમથી ઉજવી લેવામાં માનતા હોય છે. હવે જો સામાન્ય રીતે ઉજવણી કરવી હોય તો બધુ એકલા હાથે અથવા તો મિત્રોના સહકારથી થઇ શકે પરંતુ જ્યારે ધામધૂમથી અને ખૂબ જ વટ્ટ પડી જાય તેવી ઉજવણી કરવી હોય તો ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની કે ફ્રીલાન્સ ઈવેન્ટ મેનેજર્સનો સહારો લેવો પડે છે. ઘરમાં લગ્ન, રીંગ સેરેમની, બેબી શાવર, બર્થ ડે સેલીબ્રેશન કે બીજી કોઇપણ પાર્ટી હોય તો મર્યાદિત બજેટથી લઈને મોટા બજેટમાં ખૂબ જ ભવ્ય લાગે તે રીતે ડેકોરેશન અને એક્ટિવિટીઝ કરાવીને ઈવેન્ટ યાદગાર બનાવી દે તેવા નિષ્ણાતો બજારમાં છે. આ તો ઘરના પ્રસંગની વાત થઈ પરંતુ કોઈપણ કોર્પોરેટ કંપનીઓ, પેઢીઓ કે સરકારી આયોજન હોય તેમાં ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની જ કામગીરી કરે છે. ઈવેન્ટના ઈન્વાઈટથી લઈને પૂર્ણ થાય ત્યાં સુધીની તમામ કામગીરી તે લોકો જ કરે છે અને તેના માટે તેઓની પાસે એક મોટી ટીમ હોય છે, વેન્ડર્સ હોય છે તેના કારણે પ્રસંગ અલગ જ તરી આવે છે. બિઝનેસમેનોના જે એસોસિશન હોય તેઓ દ્વારા એક્ઝિબિશન, સેમિનાર, ગેટ ટુ ગેધર, એવોર્ડ સેરેમની, એચીવમેન્ટ પાર્ટીઝ, વાર્ષિક સભાઓ વગેરે ઈવેન્ટ જો ઈવેન્ટ મેનેજરો દ્વારા કરવામાં આવે તો તમારા કોઈ ઝંઝટ રહેતી નથી, તમે ઈવેન્ટના કાર્યક્રમોમાં અને મહેમાનો તરફ ધ્યાન આપીને સંબંધો વધુ મજબૂત બનાવી શકો છો. જો જાતે જ ઈવેન્ટ કરવા જાવ તો યજમાન હોય તે વ્યવસ્થામાં જ એટલા બિઝી થઈ જાય છે કે તેઓ પછી મહેમાનો તરફ ધ્યાન આપી શકતા નથી. વિષયમાં નિષ્ણાત ના હોવાથી ભોજન, ડેકોરેશન, ટ્રાવેલ મેનેજમેન્ટ કે હોસ્પિટાલિટીમાં ક્યાંક ને ક્યાંક ખોટ રહે તો બધાના મોઢે તેની વાત થાય તેના કરતા તો ઈવેન્ટ મેનેજમેન્ટ કંપની દ્વારા જ પ્રસંગો કરવાની ફેશન થઈ ગઈ છે. બીજી બાજુ છેલ્લા કેટલાક વર્ષોથી ડેસ્ટીનેશન ફોટોગ્રાફી, પ્રી વેડીંગ ફોટોગ્રાફી અને વીડિયોગ્રાફી, ડેસ્ટીનેશ વેડીંગ અને ડેસ્ટીનેશન મીટિંગનું પણ ખાસ્સુ ચલણ છે. આથી જો તે કામ ઈવેન્ટ મેનેજર્સને આપી દીધું હોય તો તમારે કોઈ ઝંઝટ રહેતી જ નથી. મહેમાનોની યાદી તૈયાર કરવી, આમંત્રણ પત્રિકાની ડિઝાઈન અને લખાણ, આમંત્રણ આપવા, મહેમાનોને મુસાફરીની સુવિધા, રહેવાની સગવડ, ઈવેન્ટના સ્થળ સુધી લાવવા, એમને ભોજન પીરસવા, સ્થળનું ડેકોરેશન, સાઉન્ડ સહિતની તમામ બાબતો ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીના શીરે હોય છે. જે પણ ઈવેન્ટ મેનેજર્સ હોય તેઓ પોતે ક્રિએટીવ હોય છે અને ઉત્સાહી પણ હોય છે તેના કારણે પ્રસંગને કેવી રીતે રંગારંગ બનાવી દેવો તેની તેઓ પાસે ખાસ આવડત હોય છે. તે લોકો પાસે તમામ પ્રકારના વેન્ડર્સ હોય છે ધારો કે ફોટોગ્રાફર્સ, વીડિયોગ્રાફર્સ, ઈન્વેટીશન કાર્ડના વેપારીઓ, ડેકોરેટર્સ, ફલાવર શોપ્સ, કેટરર્સ, ટ્રાવેલર્સ, ફોટોગ્રાફર્સ, વીડિયોગ્રાફર્સ, હોટલ્સ,આતશબાજીના નિષ્ણાતો વગેરે બાબતોના તેમની પાસે પોતાના કોન્ટેકટ હોય છે કે જે લોકો એકબીજા સાથે રહીને કામ કરતા હોય છે. એટલે એકબીજાની કામ કરવાની પધ્ધતિ અને પસંદગી-નાપસંદગીનો



ખ્યાલ હોય છે. તેના કારણે તેઓનું કામ ખૂબ જ સરળતાથી થઈ જાય છે. જ્યારે વ્યક્તિ જાતે કરવા જાય તે તેઓને ખૂબ જ તકલીફ પડે છે.

**● ઇવેન્ટ મેનેજર્સની ચેલેન્જીંગ જોબ**

કોઈપણ પ્રસંગનું રંગારંગ આયોજન કર્યું હોય છે પરંતુ તેની પાછળ ઈવેન્ટ મેનેજરો અને તેના સ્ટાફનો પરસેવો છૂટી જતો હોય છે. તેઓની દિવસો સુધીની મહેનત અને સતત સ્ટ્રેસ વચ્ચે દોડાદોડ રહેતી હોય છે. વળી શુભ પ્રસંગમાં જો કોઈપણ વિઘ્ન કે ખામી સર્જાય તો સીધી જ જવાબદારી ઈવેન્ટ મેનજર્સ અથવા તો જે-તે કંપનીની આવે છે. આથી આ કામ જેટલું ગ્લેમરસ છે તેટલું જ ચેલેન્જીંગ છે. જરાય ભૂલને અવકાશ રહેતો નથી. ઈવેન્ટ મેનેજર્સ અને ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીઓની પોતાની ટીમ હોય છે. જેવો પ્રસંગ અને જેવી જરૂરિયાત હોય તે રીતે ટીમ મેમ્બર્સ કામ કરતા હોય છે. જો ઈવેન્ટ મેનેજર્સ હોય તે તેઓ પણ ફ્રીલાન્સ નિષ્ણાતો રાખે કે જે પ્રોજેક્ટ બેઝ્ડ કામ કરે. જ્યારે કંપનીઓ પોતાના કર્મચારીઓ રાખે છે કે જેમના શીરે અલગ-અલગ જવાબદારી હોય છે. એક ઈવેન્ટનું આયોજન થાય ત્યારથી લઈને પૂરી થાય ત્યાં સુધીની તમામ કામગીરી વહેંચી લેવાની હોય છે અને તે સફળ કેવી રીતે બને તેનો ખ્યાલ રાખવાનો હોય છે. કલાયન્ટને સમજાવનાર પ્રોજેક્ટ ટીમ અલગ હોય અને પછી પ્રોજેક્ટનું એક્ઝિક્યુશન થાય તે ટીમ પણ અલગ હોય છે. બન્ને એકબીજાના સહકારથી કામ કરતી હોય છે. એક ટીમ કે વ્યક્તિ મહેમાનો માટે આમંત્રણ કરે, એક મહેમાનોના પ્રવાસ અને તેમને આવકાર આપવાની વ્યવસ્થા સંભાળે તે પ્રમાણે ફૂડ, ડેકોરેશન, વીડિયોગ્રાફી સહિતના જેટલા પણ કામો આવે તે તમામ કામો વહેંચી લેવામાં આવે છે. આથી આમ જોવા જઈએ તો મોટા પ્રમાણમાં સ્ટાફની જરૂરિયાત રહેતી હોય છે. ઘણી ઈવેન્ટસમાં ફ્રીલાન્સર મોડેલ્સ પણ કામ કરતા હોય છે તેમને પ્રોજેક્ટની જરૂરિયાત મુજબ બોલાવતા હોય છે. એટલે કહી દઉં કે એક કરોડપતિ પરિવારના લગ્નથી લઈને કોઈ મોટી કાર, મોબાઈલ ફોન કે બીજી પ્રોડકટનું લોંન્ચીંગ કરવાનું હોય બધી જ ઈવેન્ટના આ લોકો નિષ્ણાત હોય છે.

**● ઇવેન્ટ મેનેજમેન્ટમાં કારકિર્દી કેવી રીતે બને ?**

આ કરિયરમાં અભ્યાસ કરતા રચનાત્મકતા, આવડત, અનુભવ અને કોઠાસૂઝ જરૂરી છે. ઈવેન્ટ મેનેજમેન્ટના અભ્યાસક્રમો અને તાલીમ લગભગ કોઈ સરકારી યુનિવર્સિટી કે જાણીતી સેલ્ફ ફાઈનાન્સ કોલેજોમાં થતા નથી. ઘણી ખાનગી સંસ્થાઓ છે તેઓ તેના કોર્ષ ચલાવે છે અને અમુક યુનિવર્સિટી સાથે જોડાણ ધરાવે છે. તેમાં તમને પ્રેક્ટીકલ અને થીયરીકલ ટ્રેનિંગ આપવામાં આવે છે. બીજી બાજુ જો તમે ઉત્સાહી, ખૂબ જ લાંબો સમય મહેનત કરવા તૈયાર હોવ, એકથી બીજા શહેરોમાં ફરવાની તૈયારી હોય તો તમે ચોક્કસથી આ કરિયર અપનાવી શકો છો. ઉપરાંત એક વાત એવી પણ છે કે જો તમને વિદ્યાર્થી જ કાળથી સ્કૂલ કે કોલેજની અવનવી ઈવેન્ટમાં ભાગ લઈને તેમાં રસ ધરાવતા હોવ તો આ કારકિર્દીમાં આગળ વધી શકાય છે. થોડા અનુભવ સાથે ઈવેન્ટ મેનેજમેન્ટ કંપનીમાં નોકરી મળી શકે છે, કોઈ કંપનીના બ્રાન્ડ મેનેજર કે ઈવેન્ટ મેનેજર તરીકે જોબ મળી શકે છે જ્યારે તમે પોતે ફ્રીલાન્સ ઈવેન્ટ મેનેજર તરીકે કામ કરી શકો છો. અહીં કમાણી સ્કાય ઈઝ ધ લિમિટ જેવો માહોલ હોય છે. પરંતુ તેની સાથે આ ભારે મગજમારીવાળું કામ હોય છે. જ્યારે ખૂબ જ મોટી ઈવેન્ટ કે જેમા હજારોની સંખ્યામાં લોકો હાજર રહેનાર હોય તેમાં મગજ ઠંડું રાખીને ભારે સુઝબુઝથી કામ લેવાનું રહે છે. આ ક્ષેત્રમાં અલગ અલગ આવડત પ્રમાણે કામ ઉપલબ્ધ છે. જો તમારામાં એક વાર વિશેષ સ્કીલ આવી જાય તો તમે ખૂબ જ આગળ વધી શકો છો. મેં અગાઉ પણ તમને આ બાબતે જાણકારી આપી હતી અને હવે યાદ અપાવું છે કે આ એક ઉત્તમ કારકિર્દી બની શકે છે. મિત્રો જોઈ શું રહ્યા છો જોડાઈ જવા આ મસ્ત મઝાની કરિયરમાં.

# ગુજરાતના જિલ્લા પંચાયત પરિવાર દક્ષિણ ભારતમાં પ્રેરણા પ્રવાસ કરશે

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર તા. ૧૭

રાજય સરકાર હસ્તકના રાજય ગ્રામ વિકાસ સંસ્થાન અને ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના સંયુકત ઉપક્રમે આગામી ૧૪થી ૨૧ ઓકટોબર દરમ્યાન કેરાલા ખાતે પંચાયતીરાજ સશકિતકરણ અભ્યાસ અર્થે ગુજરાત જિલ્લા પંચાયત પરિવાર ટીમ પ્રવાસ કરશે. આ પ્રવાસની પ્રેરણા માન.મુખ્યમંત્રીશ્રી તેમજ પંચાયત મંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા પંચાયત રા.ક. મંત્રી બચુભાઈ ખાબડની દોરવણી અને માર્ગદર્શન નીચે નકકી કરાયેલ છે.

સમગ્ર પ્રવાસનું મોનેટરીંગ વિકાસ કમિશ્નર કચેરી તેમજ સંચાલન અને સંકલન અ રાજય ગ્રામ વિકાસ સંસ્થાનના મુખ્ય અધિકારી સંજીવ તલાટીની દોરવણી નીચે પ્રવાસમાં નીલાબેન પટેલ સંકલન કરી રહેલ છે. ટીમ પંચાયત પરિષદ વતી માર્ગદર્શન અને સંકલન ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના માનદ મંત્રી મંત્રી ભરત ગાજીપરા કરશે.

રાજયનું પંચાયતીરાજ અને કેરલનું પંચાયતીરાજ દેશમાં આગવું સ્થાન ધરાવે છે. આ પ્રવાસ દરમ્યાન કેરલની શ્રેષ્ઠ ગ્રામ પંચાયતોની મુલાકાત, ૧૫માં નાણાપંચમાં સ્થાનિક સ્વરાજય સંસ્થાના થતી ગ્રાન્ટની ફાળવણી અન્વયે થયેલ અમલવારી, સ્વચ્છ ભારત મિશન અન્વયે થયેલ કામ તેમજ પંચાયતીરાજ સંસ્થાઆપે સુપ્રત થયેલ યોજનાઓની અમલવારી વિગેરે બાબતોનો વિસ્તૃત અભ્યાસ કરશે. આ ટીમનું નેતૃત્વ ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદના ઉપાધ્યક્ષશ્રી અને જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી આણંદ હસમુખભાઈ પટેલ અને શિલ્પાબેન પટેલ (ગાંધીનગર) કરશે. પંચાયતીરાજ અને પ્રવાસ ક્ષેત્રે ગુજરાત આગવી ઓળખ ઉભી કરી રહેલ છે. તેમજ કેરલનું પંચાયતીરાજ કેન્દ્ર સરકારના માર્ગદર્શન પ્રમાણે હાલ ટોચનું સ્થાન ધરાવે છે.

બંને રાજય સરકારની ગ્રામીણ અને પંચાયતીરાજ યોજના સરળતાથી છેવાડાના માણસ સુધી પહોંચે તે અંગે ગોષ્ટી અને માર્ગદર્શનની આપલે આ પ્રેરણા પ્રવાસમાં થશે. કેરલ રાજય છેલ્લા એક દશકાથી દેશ વિદેશના પ્રવાસીનું આકર્ષણનું કેન્દ્ર બની રહેલ છે. કેરલ કરતાં વધુ પ્રવાસન ગુજરાતમાં ડેવલોપ કરવા આ પ્રવાસના જનાર ટીમમાં મોરબી-છોટા ઉદેપુર-ગીર-સોમનાથ-મહેસાણા-સાબરકાંઠા-પાટણના મહિલા જિલ્લા પંચાયતના પ્રમુખશ્રીઓની ટીમ ખાસ કરીને કાયદો અને વ્યવસ્થાની દ્રષ્ટિએ શાંત ગુજરાતમાં એકલા બહેનો મોટી સંખ્યામાં પ્રવાસ કરે છે તે અંગે કેરલના સત્તાવાળાઓને માર્ગદશિક કરશે. અને કેરલ પ્રવાસનની મહત્વપૂર્ણ વિગતોનો અહેવાલ રાજય સરકારમાં આગામી સમયમાં રજુ કરશે તેમ ભરત ગાજીપરાની અખબારી યાદીમાં જણાવેલ છે.

# આગામી તા.૨૨ ઓકટોબરે માણાવદર મુકિત દિનની ઉજવણી કરાશે




(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર તા. ૧૭

માણાવદર નગરનો સ્થાપના દિન અને માણાવદર મુક્તિ દિન ધામધૂમથી ઉજવાશે. માણાવદરમાં બિન રાજકીય રીતે કાર્યરત એવી માણાવદર બિરાદરી સને ૧૯૯૮ થી કાર્ય કરે છે. તા.૨૨ ઓકટોબર, ૨૦૨૪ ને મંગળવારે માણાવદર નગરનો ૩૩૪ મો સ્થાપના દિવસ છે, અને આરઝી હકુમતની વિશિષ્ટ લડતથી માણાવદર નવાબી શાસનમાંથી મુક્ત થયું એટલે માણાવદર મુક્તિ દિન ૨૨/૧૦/૧૯૪૭ રોજ મનાવવામાં આવે છે.

આમ માણાવદર મુક્ત થયું તેનો ૭૬ મો મુક્ત દિવસની પરંપરાગત ગાંધી ચોકમાં આવેલા રાષ્ટ્રપિતા પૂજ્ય મહાત્મા ગાંધીજીની પૂરા કદની પ્રતિમાને સુતરમાલા અને પુષ્પાંજલિ સાથે તા.૨૨ ઓકટોબર ૨૦૨૪ ને મંગળવારે સાંજે ૫:૦૦ કલાકે પ્રતિ વર્ષની માફક ઉજવણી કરાશે. માણાવદર મુક્તિ દિનના આ પ્રસંગે માણાવદર બિરાદરીના સંયોજક અને લોક સંસ્કૃતિના ઉપાસક મયૂર રાવલે જણાવ્યું છે કે દિવાળી પછીના શાળાકીય વેકેશન બાદ માણાવદરની વિવિધ શાળાઓમાં અને કોલેજોમાં માણાવદર મુક્તિ દિનની કથાનું ગાન કરવામાં આવશે. સૌ નગરજનોને આ મુક્તિ દિનના કાર્યક્રમમાં જોડાવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# અમુલ ફેડરેશન આજે દેશના સૌ પશુપાલક ભાઈ-બહેનોની એક આજીવિકા તરીકે સૌથી મોટી આવકનું સ્ત્રોત બનીને ઉભરી આવ્યું છે

## ફ્રાન્સ (પેરીસ) ખાતે વર્લ્ડ ડેરી સમિત (WDS) માં હાજરી આપતા અમૂલ ફેડરેશનના પ્રતિનિધિ

જૂનાગઢ તા. ૧૭

ફ્રાન્સ (પેરીસ) ખાતે IDF વર્લ્ડ ડેરી સમિત (WDS) માં અમૂલ ફેડરેશન તરફથી પ્રતિનિધિએ હાજરી આપી હતી. આ તકે ગુજરાતના સૌ પશુપાલક ભાઈઓ-બહેનો વતી પુરા વિશ્વના વિકાસમાં દુધ ઉત્પાદન ક્ષેત્રના મહત્વ અંગે વિશ્વના સૌથી મોટા પ્લેટફોર્મ WDS પર તેઓએ પોતાના વિચારો રજુ કર્યા હતા.

અમુલ ફેડરેશન વિશ્વમાં દુધ ઉત્પાદન ક્ષેત્રે ૮(આઠમો) ક્રમ અને અમુલ આજે સ્ટ્રોંગેશ બ્રાન્ડ તરીકે વિશ્વભરમાં ૧( પ્રથમ) ક્રમે તથા એશીયાની સૌથી મોટી ડેરી તરીકે ઉભરી આવ્યું છે. અને આજે વિશ્વમાં અમુલ ૧૦૭(એકસો સાત) પ્લાન્ટ ધરાવે છે. જયારે અમુલનું વાર્ષિક ટર્ન ઓવર ૮૦,૦૦૦(એશી) હજાર કરોડ તથા દરરોજનું અંદાજીત ૩ કરોડ લિટર દૂધ ભરાવતું અમુલ ફેડરેશન આજે દેશના સૌ પશુપાલક ભાઈઓ-બહેનોની એક આજીવિકા તરીકે સૌથી મોટી આવકનું સ્ત્રોત બનીને ઉભરી આવ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના અથાગ પ્રયત્નો અને મહેનત થકી આજે દેશનું દુધ માળખું આજે વિશ્વનું ટોચનું માળખું તરીકે ઉભું રહી અવનવા સફળતાના શિખરો સર કરી રહ્યું છે.

આ તકે હું દેશના સૌ પશુપાલક ભાઈઓ-બહેનોનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરૂં છું કે, આપના થકી આજ વિશ્વના સૌથી મોટા પ્લેટફોર્મ પર મને બોલવાની તક મળી અને હું ભારતના દુધ ઉત્પાદક ક્ષેત્રનું વિશ્વના વિકાસ પર મહત્વ અંગે મારા વિચારો રજુ કરી શક્યો એ બદલ અમુલ ફેડરેશનના ચેરમેન, વાઈસ ચેરમેન તથા સૌ બોર્ડ ઓફ ડિરેકટર્સ, અમુલ ફેડરેશનના એમ.ડી તથા સૌ અધિકારીઓ, અને સૌ સભાસદ ભાઈઓ-બહેનોનો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરૂં છું. મને આશા છે કે, આગામી સમયમાં કુશળ નેતૃત્વ તથા દેશના સર્વ પશુપાલક ભાઈઓ -બહેનોના અમુલ્ય યોગદાન થકી અમુલ ફેડરેશન નવી ઉંચાઈઓના શિખરો સર કરશે તથા વિશ્વની સૌથી મોટી ડેરી તરીકે પ્રસ્થાપિત થશે.

# વિકાસ સપ્તાહ અંતર્ગત આદર્શ મોડેલ ફાર્મની મુલાકાત લેતા ધરતીપુત્રો

## પ્રોજેક્ટ આત્મા દ્વારા પ્રાકૃતિક કૃષિ અંગે માર્ગદર્શિત કરતો કાર્યક્રમ યોજાયો







(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ તા.૭ ઓક્ટોબર, ૨૦૦૧ના રોજ ગુજરાત રાજયના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી તરીકે શાસન સાંભળ્યું હતું. મુખ્યમંત્રીથી વડાપ્રધાન પદ સુધીની તેમની સફરમાં ગુજરાતનો વિકાસ કેન્દ્ર સ્થાને રહ્યો છે. રાજ્યની ૨૩ વર્ષની વિકાસયાત્રા વિષે લોકોને અવગત કરવા રાજ્ય સરકાર દ્વારા તા.૭ થી તા.૧૫ સુધી સમગ્ર રાજ્યમાં 'વિકાસ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આત્મા પ્રોજેકટ દ્વારા ખેડૂતો પ્રાકૃતિક કૃષિ વિષયનું પ્રત્યેક્ષ જ્ઞાન મેળવી શકે તે માટે આદર્શ મોડેલ ફાર્મનો પ્રેરણા પ્રવાસ યોજવામાં આવ્યો હતો. ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ અંગે પ્રત્યક્ષ જ્ઞાન મેળવી શકે તે માટે આત્મા પ્રોજેક્ટ દ્વારા દરેક તાલુકા કક્ષાએ પ્રકૃતિ કૃષિ તાલીમ અને પ્રેરણા પ્રવાસ યોજવામાં આવી હતી. આ ઉપરાંત દરેક તાલુકાના આદર્શ મોડેલ ફાર્મ ખાતે ખેડૂતો માટે પ્રેરણા પ્રવાસ યોજી પ્રાકૃતિક કૃષિ અંગેની તાલીમ/માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ખંભાળિયા ખાતે પી.સી.એન્ડ પી.એન.ડી.ટી. એક્ટ અંગે વર્કશોપ યોજાયો

## સરકારી અને ખાનગી હોસ્પિટલો / કલીનીકોના ડોકટરો તેમજ સંચાલકોને એક્ટના અમલીકરણ અને રેકર્ડ નિભાવણી માટે જરૂરી માર્ગદર્શન અપાયું



(પ્રતિનિધિ દ્વારા)

જામખંભાળીયા તા. ૧૭

સમાજમાં પુરૂષ અને સ્ત્રીનું પ્રમાણ સમતોલ જળવાઈ રહે તે હેતુથી સરકારશ્રી દ્વારા ઘડવામાં આવેલ અધિનિયમ "PC&PNDT yufx, 1994" હેઠળ નોંધાયેલ સરકારી અને ખાનગી હોસ્પિટલો / કલીનીકોના ડોકટરો તેમજ સંચાલકોને એક્ટના અમલીકરણ અને રેકર્ડ નિભાવણી માટે જરૂરી માર્ગદર્શન મળી રહે તે માટે જિલ્લા કક્ષાએ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું.

PC&PNDT એકટ હેઠળ નોંધાયેલ હોસ્પિટલો ખાતે એકટના ક્ષતિરહિત અમલીકરણ થાય તે માટે જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરીટી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એમ.એન.ભંડેરી દ્વારા હોસ્પિટલમાં નિભાવવાના થતા રેકર્ડ, માસિક રીપોર્ટીંગ, નિયત સમય મર્યાદામાં રજીસ્ટ્રેશન રીન્યુઅલ કરાવવા તેમજ ક્ષતિરહિત ફોર્મ-એફ ભરવા બાબતે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. તદ્ઉપરાંત જિલ્લાના જાતિ પ્રમાણદર બાબતે પણ સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા.

પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટ-૧૯૯૪ અંતર્ગત નોંધાયેલ સરકારી અને ખાનગી તમામ ડોકટરોને પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટ હેઠળ થયેલ જોગવાઈઓ /નિયમોના ચુસ્તપણે અમલીકરણ કરવા જિલ્લા દેવભૂમિ દ્વારકાના જિલ્લા એપ્રોપ્રિએટ ઓથોરીટી અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.એમ.એન.ભંડેરી દ્વારા સૂચન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં આઈ.એમ.એ. પ્રમુખ ડો.નીરવ રાયમગીયા, જિલ્લા હોસ્પિટલના અધિક્ષકશ્રી, જિલ્લા આર.સી.એચ. અધિકારીશ્રી, મહિલા અને બાળ અધિકારીશ્રી, જિલ્લા ક્ષય અધિકારીશ્રી, તાલુકા હેલ્થ ઓફિસરશ્રીઓ, સામુહિક આરોગ્ય કેન્દ્રોના અધિક્ષકશ્રીઓ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મેડીકલ ઓફિસરશ્રીઓ તેમજ પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટ હેઠળ નોંધાયેલ સરકારી અને પ્રાઈવેટ તબીબો ઉપસ્થિત રહ્યા હતા.

# વીઆઈપીની સુરક્ષા NSG કમાન્ડો હવે નહીં સંભાળે

નવી દિલ્હી, તા.૧૭

કેન્દ્ર સરકારે આદેશ આપ્યો છે કે તમામ વીઆઈપી સિક્યોરિટી ડ્યૂટીથી NSG કમાન્ડોને હટાવી લેવામાં આવે કેમ કે તેમનો ઉપયોગ માત્ર આતંકવાદ વિરોધી અભિયાનો માટે કરવામાં આવશે. જે વીઆઈપી લોકોને ખૂબ વધુ જોખમ છે, તેમની સિક્યોરિટીની કમાન હવે CRPF ના હવાલે હશે. આગામી મહિનાથી આદેશ લાગુ થઈ જશે.

સંસદની સુરક્ષાથી સેવામુક્ત થયેલા CRPF જવાનોને સ્પેશિયલ ટ્રેનિંગ આપીને તેમને સીઆરપીએફ વીઆઈપી સિક્યોરિટી વિંગમાં મોકલવામાં આવ્યા છે. આ માટે નવી બટાલિયન બનાવવામાં આવી છે. હવે આ જવાન વીઆઈપીની સુરક્ષા કરશે. અત્યારે ૯ ઝેડ-પ્લસ કેટેગરીના વીઆઈપી છે, જેની સિક્યોરિટી દ્નજીટ ના બ્લેક કેટ કમાન્ડો કરે છે.

યુપીના સીએમ યોગી આદિત્યનાથ, બસપા સુપ્રીમો માયાવતી, કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, પૂર્વ નાયબ-વડાપ્રધાન લાલકૃષ્ણ અડવાણી, કેન્દ્રીય શિપિંગ મંત્રી સર્બાનંદ સોનોવાલ, છત્તીસગઢના પૂર્વ સીએમ રમન સિંહ, જમ્મુ અને કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ગુલામ નબી આઝાદ, એનસી નેતા ફારુક અબ્દુલ્લાહ, આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ. હવે આમની પાસેથી એનએસજી કમાન્ડો હટી જશે. સીઆરપીએફ સિક્યોરિટી વિંગ કમાન સંભાળશે.

સીઆરપીએફની પાસે પહેલેથી છ વીઆઈપી સિક્યોરિટી બટાલિયન હાજર છે. નવી બટાલિયનની સાથે આ સાત થઈ જશે. નવી બટાલિયન થોડા મહિના સુધી સંસદની સુરક્ષામાં હતી. હવે આ કાર્ય CISFને સોંપવામાં આવ્યુ છે.

NSG સિક્યોરિટી વાળા ૯ વીઆઈપીમાંથી બે એટલે કે રાજનાથ સિંહ અને યોગી આદિત્યનાથની પાસે એડવાન્સ્ડ સિક્યોરિટી લાઈસન (ASL) પ્રોટોકોલ છે. જેને હવે સીઆરપીએફે ટેકઓવર કરી લીધું છે. ASL એટલે કે કોઈ વીઆઈપીના કોઈ સ્થળે પહોંચ્યા પહેલા તે સ્થળની તપાસ, સિક્યોરિટી તપાસ, લોકેશન વગેરેની સુરક્ષા તપાસવામાં આવે છે. સીઆરપીએફ હવે આ તમામ કાર્ય આ બંને નેતાઓ માટે કરશે. આ પહેલા સીઆરપીએફ અત્યાર સુધી છજીન્નું કાર્ય ગૃહમંત્રી અમિત શાહ, પૂર્વ પીએમ મનમોહન સિંહ અને ગાંધી પરિવારના ત્રણેય સભ્ય માટે કરતી હતી.

દેશમાં સતત થઈ રહેલા આતંકી હુમલાની વચ્ચે વીઆઈપીની સિક્યોરિટી તણાવનો વિષય છે. દરમિયાન જરૂરિયાત બંને તરફ હતી. ખૂબ વિચાર કર્યા બાદ સીઆરપીએફના સિક્યોરિટી વિંગને વીઆઈપી સુરક્ષામાં તહેનાત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો. ખાસ ટ્રેનિંગ આપવામાં આવી. દ્નજીટ ને હવે આતંકવાદ વિરોધી મિશનમાં જ તહેનાત કરવામાં આવશે.

સરકારની યોજના છે કે એનએસજી કમાન્ડોમાંથી પસંદ કરાયેલા જવાનોની ખાસ એલીટ ફોર્સ બનાવવામાં આવશે. જેને સ્ટ્રાઈક ટીમ કહેવામાં આવશે. જેથી હાઈ-રિસ્ક એરિયાની સિક્યોરિટી કે આતંકી હુમલાનો જવાબ આપવા લાયક ટીમ બની શકે. આ ટીમ અયોધ્યાના રામ મંદિર સહિત દેશના તમામ મહત્વપૂર્ણ ઈમારતોની સુરક્ષા પણ કરશે. એનએસજીને બે દાયકા પહેલા વીઆઈપી સિક્યોરિટીમાં લગાવવામાં આવી હતી.

# નયારા એનર્જી દ્વારા ૧૮ ગામોની ૩૫૦૦ બાળાઓને નવરાત્રિની લ્હાણીનું વિતરણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા. ૧૭

આંતરરાષ્ટ્રીય સ્તરની અગ્રણી ડાઉનસ્ટ્રીમ એનર્જી કંપની નયારા એનર્જી દ્વારા તેની વાડીનાર રિફાઈનરી નજીક આવેલા ૧૮ ગામોમાં ગરબે રમતી ૩૫૦૦ બાળાઓને નવરાત્રિ પ્રસંગે લ્હાણીનું વિતરણ કરવામાં આવ્યું હતું.

માતાજીની આરાધનાના નવરાત્રી પર્વ નિમિતે નયારા એનર્જી દ્વારા વિવિધ ગરબા મંડળોમાં ગરબા રમતી બાળાઓને સુંદર મજાની ગૃહ ઉપયોગી લ્હાણી દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવી હતી. લ્હાણીનું વિતરણ જે તે ગામોના સરપંચ, સભ્યો અને અગ્રણીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. લ્હાણી મેળવી બાળાઓએ ખુબ જ ખુશી વ્યક્ત કરી હતી.

ખંભાળિયા તાલુકાના વાડીનાર, ભરાણા, ટીંબડી, વડાલિયા સિંહણ, સોઢા તરઘડી, કાઠી દેવરિયા, નાના માંઢા, મોટા આંબલા, કજુરડા, આરાધના ધામ તથા લાલપુર તાલુકાના ઝાખર, મિઠોઈ, સિંગચ, મોડપર, રાસંગપર, ખટિયા બેરાજા અને જામનગર તાલુકાના બેડ તથા શાપર ગામની ૩૫૦૦ બાળાઓને લ્હાણીનું વિતરણ કંપનીના અધિકારીઓ દ્વારા કરાયું હતું.

# ખંભાળિયામાં વધતો જતો રોગચાળો, ઝેરી મલેરિયાના નવા કેસ નોંધાયા



(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૭

ખંભાળિયા સહિત જિલ્લાના જુદા જુદા વિસ્તારમાં તાજેતરમાં વરસી ગયેલા વરસાદ સાથે મિશ્ર ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. તેના પરિણામે જિલ્લાના અનેક વિસ્તારમાં રોગચાળાનું પ્રમાણ પણ વધી રહ્યું છે. ખંભાળિયાની સરકારી સિવિલ હોસ્પિટલમાં હાલ દરરોજ આશરે ૭૦૦ થી ૮૦૦ જેટલા દર્દીઓની ઓ.પી.ડી. રહે છે. ત્યારે આ વચ્ચે અહીં ઝેરી મેલેરિયાનો એક કેસ નોંધાતા તંત્ર હરકતમાં આવ્યું છે. આ ઉપરાંત હાલ વાયરલ ઈન્ફેક્શનના રોગોમાં તાવ, શરદી, ઉધરસ, માથાના દુઃખાવા જેવા કેસો વધતાં સિવિલ હોસ્પિટલમાં મોટી સંખ્યામાં દર્દીઓની ભીડ જોવા મળી રહી છે. હાલ રોગચાળાની સ્થિતિમાં સ્વચ્છતા તેમજ પાણી બાબતે સાવચેતી કેળવવા આમ જનતાને સિવિલ હોસ્પિટલના સુપ્રીન્ટેન્ડેન્ટ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પાછોતરા વરસાદે ખેડૂતોની ચિંતા વધારી

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા તા. ૧૭

સુત્રાપાડા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં ગાજવીજ સાથે મેધરાજાનાં મંડાણ થયાં રસ્તા પર પાણી વહેતા થયા હતા. સુત્રાપાડા પંથકમાં પંથકના ભારે ગરમીનાં ઉકળાટ બાદ બપોર પછી અચાનક સુત્રાપાડા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. સુત્રાપાડાના વડોદરા ઝાલા વાવડી લોઢવા પ્રશ્નાવડા સહિત૧૦થી વધુ ગામોમાં વરસાદ વરસ્યો હતો અને વરસાદ વરસી જતા રસ્તા પર પાણી વહેતા થયા હતા.

વરસાદના પગલે ખેડૂતોના ખેતરમાં વાવેતર કરેલા પાકમાં મહેનત પર પાણી ફળી વળ્યું હતું. જગતના તાતને વરસાદ વેરી બન્યો હોય એમ અચાનક આવેલા વરસાદથી ખેતરમાં પડેલી મગફળી, સોયાબીન, મગ, અડદ,જેવા તૈયાર પાકને ભારે નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. આમ ખેડૂતોના મોઢે આવેલા કોળિયો છીનવાયો હતો તો પશુધન માટેનો ચારો પણ ભારે નુક્સાન થયું હતું. જેથી જગતના તાત ચિંતિત બન્યા છે.

# અમરાપુર ગામે વીજળીના ચમકારાથી ઈલેકટ્રીક ઉપરકરણોને નુકશાન

અમરાપુર તા. ૧૭

માળીયાહાટીના અમરાપુર ગામે ગઈકાલે કમોસમી વરસાદથી ખેતી પાકોને વ્યાપક નુકસાન વીજળીના ચમકારાથી ઈલેક્ટ્રીક ઉપકરણોને નુકસાન પ્રાપ્ત વિગતો મુજબ માળીયાહાટીનાના અમરાપુર કાતરાસા દેવગામ વિરડી ગામે બપોર બાદ એકા એક વાતાવરણમાં પલટો આવતા ભારે પવન અને વીજળીના કડાકા ભડાકા સાથે ભારે વરસાદ પડતા ખેતી પાકોને વ્યાપક પ્રમાણમાં નુકસાન થયાનું ખેડૂતો જણાવી રહ્યા છે. હાલ મગફળી તેમજ સોયાબીનનો પાક લણવાની તૈયારીમાં હોય તેમજ આગોતરા વાવેતર કરેલ ખેડૂતોના ખેતરમાં મગફળી અને સોયાબીનના પાથરા પડીયા છે. ત્યારે કમોસમી વરસાદ પડતા પાક તેમજ પશુનો ઘાસચારા પલળી જવાના કારણે વ્યાપક નુકસાન પહોંચ્યું છે તેમજ બે દિવસ પૂર્વે આ વિસ્તારમાં ભારે વરસાદ પડ્યો હતો જેના કારણે ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે તેમજ ગઈકાલે અમરાપુર ગામે કડાકા ભડાકા સાથે વીજળી પડવાના કારણે કરંટ લાગતા ઈલેકટ્રીક ઉપકરણોને ભારે નુકસાન પહોંચ્યું છે.

# કાયદો અને વ્યવસ્થા પ્રશ્ને કોઈ સમાધાન નહીં : એસપી હર્ષદ મહેતા



## ચોરી, લૂંટ સહિતના ગંભીર ગુનાઓના ભેદ ઉકેલવા તેમજ લો એન્ડ ઓર્ડરની સ્થિતિ મજબુત બની રહે તે માટે કડક કાર્યવાહીનો નિર્દેશ આપતા જીલ્લા પોલીસ વડા

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ શહેર અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાય રહે અને સમગ્ર જીલ્લામાં શાંતિભર્યો માહોલ બની રહે તે માટે જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ ચાંપતો બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. કાયદો અને વ્યવસ્થાના પ્રશ્ને કોઈ સમાધાન નહીં તેમ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ જણાવ્યું હતું. આ સાથે જ ચોરી, લૂંટ સહિતના ગંભીર ગુનાઓના ભેદ ઉકેલવા માટે પણ પોલીસની ટીમો સતત કાર્યરત હોવાનો નિર્દેશ તેઓએ આપ્યો હતો.

જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ સૌરાષ્ટ્રભૂમિ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, પોલીસ કામગીરી કરી જ રહી છે ખાસ કરીને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબુત બને તે માટેના અનેક પગલાઓ લેવામાં આવી રહ્યા છે. છેલ્લા સવા વર્ષ દરમ્યાન અનેક ગંભીર ગુનાઓનો ભેદ પણ પોલીસે સફળતાપૂર્વક ઉકેલી અને ગુનેગારોને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવ્યા છે.

જીલ્લા પોલીસ વડાએ વધુમાં એમ પણ જણાવ્યું હતું કે, તાજેતરમાં જ બાંટવા ખાતે બનેલી ચકચારી લૂંટના બનાવનો ભેદ ઉકેલવા ૧૦૦ પોલીસનો કાફલો તેમજ ૧૫ અધિકારીઓ સતત જહેમત ઉઠાવી રહ્યા હતા અને ૩ દિવસમાં જ આ લૂંટના બનાવનો ભેદ ઉકેલી નાખવામાં આવ્યો હતો. આ ઉપરાંત ચોરી, લૂંટ સહિતના ગંભીર ગુનાઓનો ભેદ ઉકેલવા પણ પોલીસ સતત કાર્યરત છે. કોઈની શેહશરમ રાખ્યા વિના પોલીસ પોતાનું કાર્ય કરે છે અને કયારેય પીછેહઠ કરી નથી. કાયદો અને વ્યવસ્થાના પ્રશ્ને કોઈ કોમ્પ્રોમાઈઝ નહીં તેમ ભારપૂર્વક એસપી હર્ષદ મહેતાએ જણાવ્યું હતું. તહેવારોની ઉજવણી લોકો શાંતિપૂર્ણ કરી શકે તે માટે પણ પોલીસ દ્વારા સઘન કાર્યવાહી અને રાત-દિવસ બંદોબસ્ત તેમજ પેટ્રોલીંગની વ્યવસ્થા ગોઠવી હતી. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જૂનાગઢ શહેર અને જીલ્લામાં વધુ મજબુત બની રહે તે માટેના અનેક પગલાઓ ભરવામાં આવી રહ્યા છે. તેમ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ જણાવ્યું હતું.


અત્રે ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ શહેર અને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સાથે સાથે પોલીસ દ્વારા અનેક સેવાકીય કાર્યો પણ કરવામાં આવી રહ્યા છે. યુવાનોને નશીલા પદાર્થોની લતમાંથી મુક્ત કરવા માટેનું અભિયાન અસરકારક રીતે હાથ ધરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તાજેતરમાં જ માનવતાની મહેક સેન્ટર શરૂ કરી અને જરૂરીયાતમંદ લોકોને સહાયરૂપ થવાનો અભિગમ અપનાવવામાં આવ્યો છે. ઉપરાંત વિવિધ પ્રસંગો દરમ્યાન દાદા-દાદી સાથે પણ સમય વિતાવી અને આનંદ આપવાના કાર્યક્રમો યોજવામાં આવે છે.

તેમજ દિવ્યાંગ બાળકો સાથે પણ પોલીસ દ્વારા વિશેષ કાર્યક્રમો યોજી તેઓને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરવામાં આવ્યું હતું. પોલીસની આ સેવાકીય કામગીરીની પણ આમ જનતામાં નોંધ લેવાય છે તેમજ પોલીસની કામગીરીની સરાહના કરવામાં આવી રહી છે.

કાયદો અને વ્યવસ્થાની સાથે માનવીય અભિગમ અપનાવી પોલીસ દ્વારા જે કાર્યો કરવામાં આવી રહ્યા છે તે અંગે જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાએ જણાવ્યું હતું કે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે પોલીસ સતત કાર્યરત છે જ પરંતુ ત્યારબાદ બચેલા એટલેકે વધારાના સમયમાં આ સેવાકીય કાર્યવાહી કરી અને પ્રજાકીય અભિગમ અપનાવવામાં આવી રહ્યો છે અને પોલીસ પ્રજાનો સાચો મિત્ર છે તે પંકતિને સાર્થક કરવામાં આવી રહી છે.

## લોકભાગીદારીથી પોલીસ દ્વારા જૂનાગઢને શ્રેષ્ઠ ક્રિકેટ ગ્રાઉન્ડ અપાયું





### આધુનિક ક્રિકેટ ગ્રાઉન્ડ જાહેર જનતા માટે ખુલ્લું મુકતા એસપી હર્ષદ મહેતા

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ રેન્જના પોલીસ મહાનિરિક્ષક નીલેશ જાજડીયાની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ પોલીસ કલ્યાણ પ્રવૃત્તીના ભાગરૂપે ગીરનારની ગોદમાં જૂનાગઢના આંગણે લોક ભાગીદારીથી પોલીસ તાલીમ મહાવિધાલય જૂનાગઢ ખાતે બનેલ આધુનિક લોન, ટર્ફ વિકેટ ધરાવતું જૂનાગઢ જીલ્લાનું સૌથી શ્રેષ્ઠ ક્રિકેટ ગ્રાઉન્ડ જાહેર જનતાના રમવા માટે તથા ભવિષ્યમાં આ શ્રેષ્ઠ ફેસીલીટી અને ગ્રાઉન્ડનો ઉપયોગ કરી આંતરરાષ્ટ્રીય સ્તરના ખેલાડી તૈયાર કરવા માટે ઉપયોગી થઈ શકે તે માટે જૂનાગઢ જીલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતા દ્વારા ખુલ્લું મુકવામાં આવેલ છે. ક્રિકેટ ગ્રાઉન્ડ જાહેર જનતાને રમવા માટે ભાડેથી આપવામાં આવશે તેમજ ગ્રાઉન્ડ ભાડેથી મેળવવા માટે પોલીસ અધિક્ષકની કચેરી જૂનાગઢ ખાતે આવેલ પોલીસ ઈન્સ્પેકટર કે.એમ.પટેલ એલ.આઈ.બી. શાખા મો.૯૯૨૫૦ ૪૦૫૫૦, પો.સ.ઈ. ડી.એમ.જલુ એલ.સી.બી. શાખા મો.૯૯૭૪૧ ૩૮૨૭૪, પો.હેડ કોન્સ. રવીભાઈ ખેર એસ.ઓ.જી. શાખા મો.૯૭૧૪૪ ૮૪૦૪૮ ઉપર સંપર્ક કરવા જણાવેલ છે.

## વિસાવદર તાલુકાના સરસઈ ગામે શ્રમીક મહિલા પર વીજળી પડતા મૃત્યુ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)



જૂનાગઢ તા.૧૭

વિસાવદર તાલુકાના સરસઈ ગામે ખેતરમાં કામ કરતી યુવતી પર વીજળી પડતા ગંભીર ઈજાઓ થતા મોત નિપજયાનું વિસાવદર પોલીસ મથકે નોંધાયું છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો અનુસાર વિસાવદર પોલીસ મથકે રાહુલભાઈ મદનભાઈ ભંડારીએ જાહેર કરેલ કે પોતાના મૃતક પત્ની નિશાબેન (ઉ.વ.૨૦) વાળાઓ ખેતરમાં કામ કરતા હોય દરમ્યાન વરસાદી વીજળી પડતા ગંભીર ઈજાઓ થતા મોત નિપજયાનું જાહેર કરતા પોલીસે ધોરણસરની કાર્યવાહી કરી છે.


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭ ૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જયોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌંદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

• હરક્યુલિસ સાયકલ • કોરાડો સાયકલ
• હીરો સાયકલ • બ્રિટીશ ઈગલ સાયકલ
• બીએસએ સાયકલ • ફન રાઈડ ટ્રાસીકલ
• વિકટર ૯૧ સાયકલ • દાસ સાયકલ
• હિલી સાયકલ
તેમજ દરેક કંપનીની સાયકલ બેબી ટ્રાયસીકલ, બેબી વોકર, ફેન્સી મોડેલમાં સ્પોર્ટસ સાયકલ ઉપલબ્ધ
ગેલેક્સી ઓટો એન્ડ સાયકલ એજન્સી
માંગનાથ રોડ, જૂનાગઢ(ગુજરાત) મો.૯૯૦૪૦ ૩૪૨૦૮

Ministry of Culture Government of India
"બુધ્ધનો સંદેશ સમગ્ર વિશ્વ માટે છે અને બુધ્ધનો ધર્મ માનવતા માટે છે"
- નરેન્દ્ર મોદી
પ્રધાનમંત્રી
ભવતુ સબ મંગલમ્
નમો બુદ્ધાય
ભગવાન બુદ્ધનો તુષિતાથી સાન્કાશ્યમાં અવતરણનો સ્મૃતિ સમારોહ
આંતરરાષ્ટ્રીય અભિધમ્મ દિવસનું ઉદ્‌ઘાટન
અને
પાલી ને શાસ્ત્રીય ભાષાના રૂપે માન્યતાનો ઉત્સવ
મુખ્ય મહેમાન
શ્રી નરેન્દ્ર મોદી
પ્રધાનમંત્રી
કાર્યક્રમની મુખ્ય વિશેષતાઓ
સંઘના વરિષ્ઠ સભ્યોને ચીવર દાન
ભિક્ષુકો દ્વારા ધમ્મસંગણિ માતીકા પાઠ અથવા પાલી પાઠ
પાલી ની શાસ્ત્રીય ભાષાના રૂપે મહત્વ પર વિશેષજ્ઞો દ્વારા ચર્ચા
આઈબીસી દ્વારા બુદ્ધના જીવન અને તેમની શિક્ષાઓ પર પ્રદર્શન


૧૭ ઓકટોબર ૨૦૨૪, સવારે : ૯.૦૦ કલાકે
સ્થળ : વિજ્ઞાન ભવન, નવી દિલ્હી
ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ
શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત, સંસ્કૃતિ અને પ્રવાસન મંત્રી, ભારત સરકાર
શ્રી કિરેન રિજિજૂ, સંસદીય કામ અને અલ્પસંખ્યક કાર્યમંત્રી, ભારત સરકાર
શ્રી શારત્સે ખેંસુર રીનપોછે, જંગચુપ ચોએડેન, સચિવ આઈબીસી
ડો. ભદંત રાહુલ બોધિ, મહાથેરો, પીઠાધીશ, ધમ્મ સંઘ
ડીડી ન્યૂઝ પર જીવંત પ્રસારણ નીહાળો.
CBC 09101/13/0010/2425